RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 78* Date: 13.01.2022 Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### રાષ્ટ્રીય યુવા મહોત્સવમાં વડાપ્રધાન મોદીનુ સંબોધન

## ભારત પોતાના સ્વપનોથી પણ યુવા છે : વડાપ્રધાન મોદી



નવીદિલ્હી,તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે વીડિયો-કોન્ફરન્સિંગ દ્વારા પુડુચેરીમાં ૨૫મા યુવા મહોત્સવનું ઉદઘાટન કર્યું હતું. વિવેકાનંદ જન્મજયંતી પર આયોજિત આ ઉત્સવનું ઉદઘાટન કરતાં પીએમ મોદીએ કહ્યું, 'ભારત પાસે બે અમર્યાદિત શક્તિ છે', એક ડેમોગ્રાફી અને બીજી ડેમોક્રેસી. જે દેશમાં જેટલી યુવાશક્તિ હોય છે તેની ક્ષમતાઓને પણ એટલી જ વિશાળ માનવામાં આવે છે. ભારત પાસે આ બંને શક્તિ છે. મોદીએ કહ્યું હતું કે ન્યૂ ઈન્ડિયાનો મંત્ર 'મકાબલો કરો અને જીતો' છે.

**મહર્ષિ અરબિંદો અને સુબ્રહ્મણ્ય ભારતીને યાદ કર્યા**

PM મોદીએ કહ્યું હતું કે આ વર્ષે અમે શ્રી અરબિંદોની ૧૫૦મી જન્મજયંતી મનાવી રહ્યા છીએ અને આ વર્ષે મહાકવિ સુબ્રહ્મણ્ય ભારતી જીની પણ ૧૦૦મી પુણ્યતિથિ છે. આ બંનેનો પુડુચેરી સાથે ખાસ સંબંધ છે. તેઓ બંને એકબીજાની સાહિત્યક અને આધ્યાત્મિક યાત્રામાં ભાગીદાર રહ્યાં છે.

**દીકરો અને દીકરી એકસમાન છે એટલે લગ્નની ઉંમર વધારી**

પુડુચેરીમાં આયોજિત યુવા ઉત્સવને સંબોધતાં પીએમએ કહ્યું હતું કે અમે માનીએ છીએ કે દીકરો અને દીકરી એકસમાન જ છે. આ વિચાર સાથે સરકારે દીકરીઓના સારા વિકાસ માટે લગ્નની ઉંમર વધારીને ૨૧ વર્ષ કરવાનો નિર્ણય લીધો છે. દીકરીઓ તેમની કારકિર્દી બનાવી શકે, તેમને વધુ સમય મળે, એ દિશામાં આ એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ પગલું છે.

આ પહેલાં પોતાના ટ્વીટમાં પીએમ મોદીએ કહ્યું હતું કે 'હું મહાન સ્વામી વિવેકાનંદને તેમની જન્મજયંતી પર શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. તેમણે તેમનું જીવન રાષ્ટ્રના વિકાસ માટે સમર્પિત કર્યું હતું. તેમણે ઘણા યુવાનોને રાષ્ટ્ર નિર્માણની દિશામાં કામ કરવા માટેની પ્રેરણા આપી છે. ચાલો, આપણે સાથે મળીને દેશ માટેના તેમનાં સપનાંને પૂરાં કરવા માટે કામ કરતા રહીએ.

## ડીઆરડીઓએ મેન-પોર્ટેબલ એન્ટી-ટેક ગાઈડેડ મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું

નવીદિલ્હી,તા.૧૨

ભારતીય નૌકાદળએ વિનાશક યુદ્ધ જહાજ INS વિશાખાપટ્ટનમમાંથી બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. મિસાઈલના 'સી-ટુ-સી' પ્રકારનું મહત્તમ રેન્જમાં પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને લગભગ સંપૂર્ણ સટીકતાથી ટાર્ગેટ જહાજને હિટ કર્યું અને ભારતીય નૌકાદળના સૂત્રોએ આ માહિતી મુજબ ચીન અને પાકિસ્તાનની સરહદ પર સતત તણાવ ચાલી રહ્યો છે ત્યારે ભારતે આ પરીક્ષણ કર્યું હતું. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું હતું કે મિસાઈલનું સફળ પ્રક્ષેપણ ભારતીય નૌકાદળની "મિશન સંબંધિત સજ્જતા" ની મક્કમતા દર્શાવે છે. તેમણે ટ્વીટ કરીને ભારતીય નૌકાદળ અને ડીઆરડીઓને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. ભારત અને રશિયાનું સંયુક્ત એકમ 'બ્રહ્મોસ એરોસ્પેસ' સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનું ઉત્પાદન કરે છે જે સબમરીન, જહાજો, એરક્રાફ્ટ અથવા જમીન આધારિત પ્લેટફોર્મ પરથી લોન્ચ કરી શકાય છે. બ્રહ્મોસ મિસાઈલ મેક ૨.૮ અથવા અવાજની લગભગ ત્રણ ગણી ઝડપે લોન્ચ કરી શકે છે.ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન એ મેન-પોર્ટેબલ એન્ટી-ટેક ગાઈડેડ મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. સ્વદેશી રીતે વિકસિત એન્ટી-ટેક મિસાઈલને થર્મલ વિઝન સાથે સંકલિત મેન-પોર્ટેબલ લોન્ચરથી ફાયર કરવામાં આવી હતી. સંરક્ષણ મંત્રાલયના મુખ્ય પ્રવક્તાએ આ અંગે માહિતી આપી છે. કહેવામાં આવી રહ્યું છે કે આ મિસાઈલ ભારતીય સેનાના પાયદળ અને પેરાશૂટ સ્પેશિયલ ફોર્સ માટે છે. આ એક પોર્ટેબલ મિસાઈલ છે જેને માણસો એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જાય છે. તેને મહત્તમ ૨.૫ કિમી સુધીના ટ્રિપોડનો ઉપયોગ કરીને લોન્ચ કરી શકાય છે. ઙઈઙ્ઘએ તેનો વિડીયો પણ જાહેર કર્યો છે. જેમાં સ્વદેશી રીતે વિકસિત એન્ટી ટેક મિસાઈલ લોન્ચ થતી જોઈ શકાય છે.

## અમેરિકામાં ૧ દિવસમાં ૧૪ લાખથી વધુ કેસ આવતા હાહાકાર

અમેરિકા,તા.૧૨

અમેરિકામાં કુલ કેસની સંખ્યા વધીને ૬,૧૫,૫૮,૦૮૫ થઈ ગઈ છે. જ્યારે સોમવારે ૧,૯૦૬ મૃત્યુ બાદ કુલ મૃતકોની સંખ્યા ૮,૩૯,૫૦૦ પર પહોંચી ગઈ છે. સોમવારના રોજ સૌથી વધુ કેસ નોંધાયા હતા કારણ કે ઘણા રાજ્યો વીકએન્ડ પર આ મામલે જાણ કરતા નથી જે દિવસે રેકોર્ડ કેસ સામે આવ્યા તે જ દિવસે હોસ્પિટલમાં દાખલ લોકોની સંખ્યા પણ રેકોર્ડ બ્રેક રહી હતી. માત્ર ત્રણ સપ્તાહમાં આ આંકડો બમણો થઈ ગયો છે. અમેરિકામાં કોરોના વાયરસના કારણે ૧,૪૧,૦૦૦ લોકો હોસ્પિટલમાં દાખલ છે. જ્યારે અગાઉ ગયા વર્ષે જાન્યુઆરીમાં આ આંકડો રેકોર્ડ ૧૩૨,૦૫૧ નોંધાયો હતો.અમેરિકામાં કોરોના વાયરસના કેસોએ ફરી એકવાર રેકોર્ડ તોડ્યો છે. સોમવારે અહીં ૧૪ લાખથી વધુ કેસ નોંધાયા છે. આ પહેલા ક્યારેય આટલા કેસ ન તો અમેરિકામાં નોંધાયા છે અને ન તો વિશ્વના અન્ય કોઈ દેશમાં. દેશમાં ઓમિક્રોન વેરિઅન્ટ્સ અને ડેલ્ટા વેરિઅન્ટ્સનો ખતરો બિલકુલ ઓછો નથી. જોન્સ હોપકિન્સ યુનિવર્સિટીના ટ્રેકર અનુસાર, અમેરિકામાં ૧,૪૮૧,૩૭૫ નવા કોરોના કેસ નોંધાયા છે. જ્યારે અગાઉ ૩ જાન્યુઆરીએ ૧૧.૭ લાખ કેસ નોંધાયા હતા. ફ્રાન્સના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે કે અહીં ૨૪ કલાકમાં રેકોર્ડ ૩૬૮,૧૪૯ કેસ નોંધાયા છે. પછી સ્વીડનમાં રેકોર્ડ ૭૦,૬૪૧ કેસ નોંધાયા છે. આ દરમિયાન અહીં ૫૪ મૃત્યુ પણ થયા છે. બીજી તરફ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનું કહેવું છે કે જો આગામી બે મહિના સુધી ઈન્ફેક્શનના કેસ આ રીતે સામે આવતા રહે તો યુરોપની અડધાથી વધુ વસ્તી ઓમિક્રોનથી સંક્રમિત થઈ શકે છે. આ સાથે ડબ્લ્યુએચઓએ કહ્યું કે ઓમિક્રોનને ફ્લૂ જેવી નાની બિમારી માની લેવી નહીં. ઓસ્ટ્રેલિયામાં પણ સ્થિતિ નિયંત્રણમાં નથી. ન્યૂ સાઉથ વેલ્સમાં, એક દિવસમાં ૩૪,૭૫૯ કેસ નોંધાયા છે અને ૨,૨૪૨ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે વિક્ટોરિયા રાજ્યમાં ૪૦,૧૨૭ કેસ નોંધાયા હતા અને હોસ્પિટલમાં દાખલ દર્દીઓની સંખ્યા ૯૪૬ હતી. બંને રાજ્યોમાં ૨૧ મૃત્યુ નોંધાયા છે. હવે ન્યુ સાઉથ વેલ્સમાં, જો કોઈ વ્યક્તિ કોરોના વાયરસના પોઝિટિવ રિપોર્ટ વિશે માહિતી નહીં આપે, તો તેને ૧૦૦૦ ડોલરનો દંડ પણ લાગશે. બ્રિટનની વાત કરવામાં આવે તો અહીં ૨૪ કલાકમાં ૧૨૦,૮૨૧ નવા કેસ નોંધાયા છે અને આ સમયગાળા દરમિયાન ૩૭૯ દર્દીઓના મોત થયા છે. ૪ જાન્યુઆરીથી અહીં કેસ સતત ઘટી રહ્યા છે. ત્યારબાદ ૨૧૮,૩૭૬ કેસ નોંધાયા હતા. જોકે મૃત્યુના કેસમાં વધારો થયો છે.

## સાસરિયા દ્વારા કોઈપણ વસ્તુની માંગણીને દહેજ ગણવામાં આવશે : સુપ્રિમ કોર્ટ

નવીદિલ્હી,તા.૧૨

આરોપી ઘર બનાવવા માટે મૃતક મહિલા પાસેથી પૈસાની માંગ કરી રહ્યો હતો. જે તેના પરિવારના સભ્યો આપી શક્યા ન હતા. સમાજમાં અવરોધક તરીકે કામ કરવા અને દહેજની માંગના જઘન્ય અપરાધને રોકવાની જોગવાઈ અદાલતોના અભિગમમાં ફેરફાર કડકાઈથી હોવો જોઈએ.આ અંગે મહિલાને સતત હેરાન કરવામાં આવતી હતી, જેના કારણે તેણીએ આત્મહત્યા કરી હતી. આ નિર્ણય સામે દાખલ કરવામાં આવેલી અપીલ પર મધ્યપ્રદેશ હાઈકોર્ટે કહ્યું કે, ઘરના બાંધકામ માટે પૈસાની માંગને દહેજની માંગ તરીકે ન માની શકાય. વધુ એક દહેજ ઉત્પીડન કેસમાં સાસુ-વહુની અપીલને ફગાવી દેતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે, જ્યારે એક મહિલા બીજી મહિલાને બચાવતી નથી તો તે ગંભીર ગુનો છે. કોર્ટે સાસુને દોષિત ઠેરવી ત્રણ મહિનાની કેદની સજા ફટકારી છે. ખંડપીઠે કહ્યું કે, તે ખૂબ જ ભયાનક સ્થિતિ છે જ્યારે કોઈ મહિલા



પોતાની પુત્રવધૂ પર એવી ક્રૂરતા લાવે છે કે તે આત્મહત્યાનું પગલું ભરી શકે છે. અન્ય એક કેસમાં, સુપ્રીમ કોર્ટે કહ્યું કે રજિસ્ટ્રી અધિકારીઓને સુપ્રીમ કોર્ટના નિયમો સારી રીતે જાણતા હોવા જોઈએ. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે જામીનના આદેશને રદ કરવા સામે દાખલ કરવામાં આવેલી વિશેષ રજાની અરજી સાથે આત્મસમર્પણમાંથી મુક્તિની અરજી કરવાની જરૂર નથી. સમાન કેસને ધ્યાનમાં લેતા ન્યાયમૂર્તિ પીએસ નરસિમ્હાએ જણાવ્યું હતું કે આવી મોટી સંખ્યામાં અરજીઓ દાખલ કરવામાં આવે છે. નિયમિતપણે જ્યારે આવી પ્રક્રિયા અપનાવવાની બિલકુલ જરૂર નથી. તે ફક્ત એવા કેસોને જ લાગુ પડે છે કે જ્યાં અરજદાર 'મુદત માટે કેદ માટે પ્રતિબદ્ધ' હોય અને જામીન રદ કરવાના સરળ આદેશો સાથે મૂંઝવણમાં ન આવે. મહિલાના લગ્નના સાત વર્ષની અંદર તેના સાસરિયાના ઘરે મૃત્યુ પામી હતી.સુપ્રીમ કોર્ટે પણ ઘરના બાંધકામ માટે પૈસાની માંગણીને દહેજ અને અપરાધ ગણાવ્યો છે.

## ઘુસણખોરીને નિષ્ફળ કરવા આપણા જવાનો તૈયાર : સેના પ્રમુખ

નાવીદિલ્હી,તા.૧૨

પશ્ચિમ મોર્ચે જુદા જુદા લોન્ચ પેડ પર આતંકવાદીઓની સંખ્યામાં વધારો થયો છે અને વારંવાર અંકુશ રેખા પાસે ઘુસણખોરી કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઘુસણખોરીના આ પ્રયાસો દુશ્મન દેશના મેલા ઈરાદાઓ વ્યક્ત કરે છે. સેના પ્રમુખે જણાવ્યું કે ચાર ડીસેમ્બરના રોજ નાગાલેંડના ઓટિંગમાં થયેલ દુઃખદાયક ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. અમે ઓપરેશન દરમિયાન પણ આપના દેશવાસીઓની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છીએ. નાગાલેંડ હત્યા કેસમાં તપાસના પરિણામોના આધારે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. જનરલ નરવણેએ વાર્ષિક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું છે કે પરિણામોના આધારે યોગ્ય અને સુધારાત્મક કાર્યવાહી કરવામાં આવશે. તેમણે નાગાલેંડના મોન જીલ્લામાં થયેલ ઘટનાને અફસોસજનક અને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી હતી. ઉલ્લેખનીય છે કે નાગાલેંડમાં સુરક્ષા દળોએ એક આતંકવાદી વિરોધી ઓપરેશનમાં 'ખોટી ઓળખ'ને લીધે ૧૪ સ્થાનિક લોકોને માર્યા હતા. બાદમાં થયેલ અથડામણમાં સુરક્ષા દળના એક જવાનનું પણ મોત થયું હતું. ઘટના મ્યાંમાર સરહદ પાસે નાગાલેંડના મોન જિલ્લાના ઓટિંગ ગામમાં થઇ હતી.ભારત ચીન વચ્ચે બુધવારે ચાલી રહેલ ૧૪માં તબક્કાની સૈન્ય ચર્ચા દરમિયાન સેનાપ્રમુખ એમ.એમ નરવણેએ આજે એક પ્રેસ કોન્ફરન્સ કરી.

### વડાપ્રધાન મોદીની સુરક્ષામાં ચુક મુદ્દે કમિટી તૈયાર

## ભૂતપૂર્વ ન્યાયાધીશ ઈન્દુ મલ્હોત્રાના અધ્યક્ષતા કામગીરી કરશે

નવીદિલ્હી,તા.૧૨

પંજાબમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષામાં ક્ષતિના મામલામાં સુપ્રીમ કોર્ટે એક તપાસ સમિતિની રચના કરી છે. જેનું નેતૃત્વ પૂર્વ જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા કરશે. કમિટી જોશે કે પીએમની સુરક્ષામાં શું થયું છે, તેના માટે કોણ જવાબદાર છે અને ભવિષ્યમાં આવી ઘટના ફરીથી ન બને તે માટે શું કરવું જોઈએ. આ નિર્ણય ઝત્તૈં દ્રફ રમના, જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ હિમા કોહલીની બેન્ચે આપ્યો છે. એકતરફી તપાસના આક્ષેપને દૂર કરવા માટે તપાસ સમિતિની રચના કરવામાં આવી છે. તેમાં પંજાબ-હરિયાણા હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ અને ચંદીગઢના પોલીસ મહાનિર્દેશક, એનઆઈએના આઈજી, પંજાબના એડીજી (સુરક્ષા)નો પણ સમાવેશ થાય છે. અગાઉ સોમવારે, કોર્ટે કહ્યું હતું કે તે સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશની અધ્યક્ષતામાં એક સ્વતંત્ર સમિતિની રચના કરશે. આ મામલો ૫ જાન્યુઆરીનો છે, જ્યારે વડાપ્રધાન પંજાબના પ્રવાસે હતા. તેઓ વિવિધ પ્રોજેક્ટના ઉદ્‌ઘાટન માટે ફિરોઝપુર જઈ રહ્યા હતા. પરંતુ રસ્તામાં ખેડૂતોના ધરણાંને કારણે રોડ બ્લોક થઈ ગયો હતો, જેના કારણે પીએમનો કાફલો ૧૫-૨૦ મિનિટ સુધી ફ્લાયઓવર પર અટવાઈ ગયો હતો. પરિસ્થિતિમાં કોઈ સુધારો ન થતાં, તેણે પોતાનો પ્રવાસ રદ કરીને પરત ફરવું પડ્યું. કેન્દ્ર સરકારે પંજાબ પોલીસ પર બેદરકારીનો આરોપ લગાવતા કહ્યું કે પીએમની સુરક્ષા સાથે સંબંધિત બ્લુ બુકના નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હોવાની રજૂઆત પણ કરવામાં આવી હતી.

## ગુજરાતમાં ૧૮થી ૨૦ જાન્યુઆરીએ કમોસમી વરસાદની આગાહી

ગાંધીનગર,તા.૧૨

ઉતરાયણના દિવસે પવનની ગતિ ૧૦થી ૧૨ કિલોમીટરની શક્યતા વ્યકત કરી હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે વધુમાં ઉમેર્યું હતું કે, ઉત્તરાયણનાં દિવસે સવારે ૧૦થી ૧૨ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. તેમજ પવનની દિશા ઈશાન એટલે કે પૂર્વ ઉત્તર તરફ રહેવાની શક્યતા છે. બપોર દરમ્યાન પવનની ગતિમાં નોંધપાત્ર ઘટાડો આવશે. અને સાંજ પડતાં પવન ની ગતિ મંદ પડવાની સંભાવના વર્તાઈ રહી છે. જ્યારે રાત્રીના સમયે થોડીક હવા એટલેકે પતંગ ચગે એ પ્રકારની રહેશે. જ્યારે દરિયા કિનારાનાં ભાગોમાં પવનની ગતિ ૧૫ કિ.મી આસપાસ રહી શકે છે. તેમજ બપોર પછી પવનની દિશામાં બદલાવ આવી શકે છે. ઉતરાણ પૂર્વે એટલે કે આવતીકાલે ૧૩ મી જાન્યુઆરીએ વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના છે. તેમજ ઉત્તરાયણ પછી ઠંડીમાં ઘટાડો આવતો રહેશે એમ તેમણે જણાવ્યું હતું.

રાજયમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને પગલે કાતિલ ઠંડી પડી રહી છે. ત્યારે આગામી ૧૮થી ૨૦ જાન્યુઆરી દરમ્યાન ત્રણ દિવસ કમોસમી વરસાદ પડવાની આગાહી હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ દ્વારા કરવામાં આવી છે. તેમજ ફેબ્રુઆરી મહિનામાં પણ માવઠાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાતમાં આ વર્ષે કમોસમી વરસાદના કારણે ખેડૂતોની સ્થિતિ દયનીય બની ગઈ છે. નવેમ્બર-ડિસેમ્બર મહિનામાં પણ કમોસમી વરસાદનો સામનો રાજયના લોકોને કરવો પડ્યો હતો.

આ સાથે જ વર્ષ ૨૦૨૨ની શરૂઆતથી તીવ્ર ઠંડી પડતાં જન જીવન ઠૂંઠવાઈ ગયું છે. ત્યારે રાજયમાં વધુ એકવાર કમોસમી વરસાદ પડવાની આગાહી હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ દ્વારા કરવામાં આવી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલના કહેવા મુજબ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને પગલે રાજ્યમાં કાતિલ ઠંડી પડી રહી છે. જે આવતીકાલે ૧૩ જાન્યુઆરી સુધી રહેશે. ઉપરાંત આગામી તારીખ ૧૮ , ૧૯ અને ૨૦ જાન્યુઆરીએ રાજયના કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદ પડશે. જેના કારણે રવિ પાકને વ્યાપક નુકસાન થવાની ભીતી છે. અંબાલાલ પટેલના દાવા પ્રમાણે, ફેબ્રુઆરીમાં પણ માવઠાની શક્યતા રહેલી છે. આ સાથે હવામાન વિભાગે આગામી બે દિવસ માટે ઉત્તર ગુજરાતમાં યલો એલર્ટ જાહેર કરી છે. રાજ્યમાં ૧૩ જાન્યુઆરી સુધી જોરદાર ઠંડી પડશે. આ સાથે અમદાવાદ, ગાંધીનગર ઉપરાંત ઉત્તર ગુજરાત અને કચ્છમાં ઠંડીનું જોર વધુ રહેશે.

કેટલાક જિલ્લામાં લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી સુધી ગગડવાની શક્યતા છે. નોંધનીય છે કે, છેલ્લાં ચાર પાંચ દિવસથી રાજ્યમાં ઠંડીનું પ્રમાણ વધી જવા પામ્યું છે. જેમાં શુક્રવારથી રાહત મળશે તેવું પણ હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે વધુમાં કહ્યું હતું.

## તંત્રી સ્થાનેથી...

# જાહેરાતો સમાજ માટે સારી છે જ્યારે અન્ય લોકો આ મતનો વિરોધ કરે છે

આજે આપણે જે વિશ્વમાં જીવીએ છીએ તેમાં જાહેરાતોનું વર્ચસ્વ છે. જાહેરાતો ટેલિવિઝન પર, વર્લ્ડ વાઇડ વેબ પર, શેરીમાં અને આપણા મોબાઇલ ફોન પર પણ છે. જો કે, ઉત્પાદન અથવા સેવા વેચવા માટે વપરાતી ઘણી વ્યૂહરચનાઓ અનૈતિક અથવા અસ્વીકાર્ય ગણી શકાય.

શરૂઆતમાં, હકીકત એ છે કે અમે જાહેરાતોથી છટકી શકતા નથી એ ફરિયાદનું એક નોંધપાત્ર કારણ છે. આપણે જ્યાં જોઈએ ત્યાં સતત છબીઓ અને ચિહ્નો ઘણી વખત ખૂબ જ કર્કશ અને બળતરા કરી શકે છે. ઉદાહરણ તરીકે મોબાઇલ ફોન પર જાહેરાત લો. નવીનતમ ટેક્નોલોજી સાથે મોબાઇલ કંપનીઓ હવે ગ્રાહકોના ફોન પર એસએમએસ દ્વારા જાહેરાત સંદેશા મોકલવા માટે સક્ષમ છે જ્યારે તેઓ પસંદ કરે છે. જો કે અમે અસંખ્ય પરિસ્થિતિઓમાં જાહેરાતોની અપેક્ષા રાખીએ છીએ, હવે એવું લાગે છે કે એવી ઘણી ઓછી જગ્યાઓ છે જ્યાં અમે ખરેખર તેમને ટાળી શકીએ.

જાહેરાતનું વધુ એક પાસું કે જેને હું અનૈતિક ગણીશ તે એ છે કે તે લોકોને એવા ઉત્પાદનો ખરીદવા માટે પ્રોત્સાહિત કરે છે જેની તેઓને જરૂર નથી અથવા પરવડી શકે તેમ નથી. બાળકો અને ખાસ કરીને યુવાન લોકો નવીનતમ રમકડાં, કપડાં અથવા સંગીત દર્શાવતી જાહેરાતોથી પ્રભાવિત થાય છે અને આનાથી માતાપિતા પર આ ઉત્પાદનો ખરીદવા માટે ભારે દબાણ થઈ શકે છે.

વધુમાં, તમાકુ ઉત્પાદનો અને આલ્કોહોલની જાહેરાત લાંબા સમયથી એક વિવાદાસ્પદ મુદ્દો છે, પરંતુ સિગારેટની જાહેરાતો પર તાજેતરમાં જ ઘણા દેશોમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તે તદ્દન શક્ય છે કે આલ્કોહોલની જાહેરાતો વધુ પડતા વપરાશ અને સગીર દારૂ પીવાને પ્રોત્સાહિત કરે છે, તેમ છતાં ધૂમ્રપાનની જેમ આ પ્રકારની જાહેરાતો પર પ્રતિબંધો મૂકવામાં આવ્યા નથી.

તે કહેવું ચોક્કસપણે સાચું છે કે જાહેરાત એ આપણા જીવનની રોજિંદી વિશેષતા છે. તેથી, લોકોને એવા ઉત્પાદનો અથવા સેવાઓ ખરીદવા માટે સતત પ્રોત્સાહિત કરવામાં આવે છે જે ખૂબ ખર્ચાળ, બિનજરૂરી અથવા તો બિનઆરોગ્યપ્રદ પણ હોઈ શકે. નિષ્કર્ષમાં, જાહેરાતના ઘણા પાસાઓ નૈતિક રીતે ખોટા લાગે છે અને આજના સમાજમાં સ્વીકાર્ય નથી.

# પસ્તાવાને મહત્વ આપનાર રાજવી કવિ



કાવ્ય માધુર્ય

ડો. કિશોર પંડ્યા

ગુજરાતી સાહિત્યમાં ઓગણીસમી સદીની શરૂઆતનો દાયકો કવિતા માટે અનેરો ઉત્સવ બની રહ્યો હતો. આ સમયના સાહિત્યકારોમાં કેટલાંક તો મોટા ગજાના સર્જકો અને ચિંતકો હતા. ગોવર્ધરામ, મણિલાલ, મણિશંકર રત્નજી ભટ્ટ-કાન્ત, કવિ ત્રિભુવન પ્રેમશંકા, જટીલા, લલિત, દરબાર વાજસુરવાળા જેવા અનેક સર્જકોએ એ સમયે જે કામગીરી કરી છે તેનાથી સાહિત્યને ખાસ કરીને ગુજરાતી સાહિત્યને અનેરી ઊંચાઈ પ્રાપ્ત થઈ. આ દરેક સર્જકો સાથ જેને જીવંત સબંધ રહ્યો એવા કલાપી એટલે કે સૌરાષ્ટ્રના લાઠીના રાજવી સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ. હા, આ સર્જકોના સાનિધ્યમાં કલાપીનું ઘડતર થયું હતું.

કલાપીનો વાંચન શોખ જબરો હતો. સંસ્કૃત, અંગ્રેજી, ઉર્દુ અને ફારસીનો પણ તેમણે સારો અભ્યાસ કર્યો હતો. એમના સાહિત્ય લેખનકાર્યનો સમયગાળો ૧૮૯૨ થી ૧૯૦૦ સુધીનો એમના અવસાન સુધીનો રહ્યો હોવા છતાં આજે એકવીસમી સદીમાં એમની કૃતિઓ લોકોના હૃદયમાં આદર પામેલી છે.

આઠ વર્ષના ગાળામાં એમને કવિતા, વાર્તા, નવલકથા, સંવાદ, મૌલિક રૂપાંતર અને અનુવાદ ગુજરાતી સાહિત્યને ચરણે ધરીને એક મહત્વના સાહિત્યકાર તરીકે ખાસ કરીને કવિ તરીકે વિશિષ્ટ સ્થાન મેળવ્યું છે. તેઓ માત્ર સાહિત્ય જ વાંચતાં એવી નહીં, તત્વચિંતનના પુસ્તકો પણ તે રસપૂર્વક વાંચતાં. એમર્સન અને સ્વીડનબોર્ગ જેવા વિચારકોને કવિ કાન્તની જેમ તેમણે પણ વાંચ્યા એટલું જ નહીં તેમની વિષે અભિપ્રાય વ્યક્ત કરી શકાય એ રીતે પચાવ્યા એમ પણ કહી શકાય.

અંગ્રેજી સાહિત્ય એ સમયગાળામાં સરળતાથી ઉપલબ્ધ હોવાથી એની અસર વધારે જોવા મળે છે. તેમાં પણ અંગ્રેજ કવિઓ

### શિકારીને કલાપી

રહેવા દે, રહેવા દે આ સંહાર, યુવાન ! તું;
ઘટે ના ક્રૂરતા આવી : વિશ્વ આશ્રમ સન્તનું.

પંખીડાં, ફૂલડાં રૂડાં, લતા આ, ઝરણાં તરૂ;
ઘટે ના ક્રૂર દૃષ્ટિ ત્યાં : વિશ્વ સૌંદર્ય કૂમળું.

તીરથી પામવા પક્ષી, વ્યર્થ આ ક્રૂરતા મથે;
તીરથી પક્ષી તો ના, ના, કિન્તુ સ્થૂલ મળી શકે.

પક્ષીને પામવાને તો છાનો તું સુણ ગીતને;
પક્ષી તેના પ્રભુ સાથે હૈયામાં મળશે તને.

સૌંદર્યો વેડફી દેતાં ના, ના, સુંદરતા મળે;
સૌંદર્યો પામતાં પ્હેલાં સૌંદર્ય બનવું પડે.

સૌંદર્યે ખેલવું એ તો પ્રભુનો ઉપયોગ છે;
પોષવું, પૂજવું એને, એ એનો ઉપભોગ છે.

રહેવા દે ! રહેવા દે આ સંહાર, યુવાન ! તું;
બધે છે આર્દ્રતા છાઈ, તેમાં ટૈ ભળવું ભલું !

વર્ડ્ઝવર્થ ને શેલી એમની કવિતામાં આડકતરી રીતે ગૂંથાયેલા જોવા મળે છે. કીટસ અને બાયરન પણ એમને ગમતા કવિઓ. કાન્તની સાથે રહીને જેમ વિઠ્ઠલરાય આવસત્થી વર્ડ્ઝવર્થની કરુણાંતિકાની અસર દેખાડે છે એમ કલાપીમાં પણ કરુણાંતિકાની અસર ઘેરી થયેલી જોવા મળે છે. પ્રકૃતિપ્રેમ સાથે હૃદયની ઊર્મિઓ અને કરુણરસ કલાપીને સહજ છે.

લાઠી નરેશ ઉત્તમ રાજવી હતા. પોતાના આશ્રયમાં કે અંગત જીવનમાં કોઈને પણ અન્યાય થાયન્ત્યારે કે કોઈ દુઃખી થાય ત્યારે પોતાને જવાબદાર ગણીને મનમાં દુઃખી થતાં. પ્રકૃતિનું રક્ષણ કરવાનું અને સૌંદર્ય પ્રાપ્ત કરવા માટે પોતે મનથી સ્વચ્છ અને સુંદર બનવું પડે એમ તે કહે છે. માત્ર કાવ્યમાં વર્ણવેલી ઘટના તરીકે પણ કાવ્યકૃતિને સબળ બનાવવાનું કામ એમનો સંદેશ- પ્રજાને જે સંદેશ આપવો છે તે નિરૂપાયો છે.

અનેક છંદ સાથે કવિકર્મ આપનાર કલાપીને મંદાક્રાંતા અને હરિગીત વધારે પ્રિય રહ્યા હોય તે તેમની યાદગાર કૃતિઓ ઉપરથી જણાય છે. 'તે પંખીની ઉપર પથતો ફેંકતા ફેંકી દીધો', હોય કે પછી 'રે પંખિડા, સુખથી ચણજો, ગીત વાંકાઈ ગાજો',

'હા, પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,

પાપી તેમાં ડૂબકી દઈને પૂણ્યશાળી બને છે.

રાજ્યોથી કે જુલમ વતી કે દંડથી ના બને જે,

તે પસ્તાવો સહજ વહતા કાર્યો સાધી શકે છે.'

અનુષ્ટુપ છંદમાં રચાયેલી કૃતિ શિકારીનેદ્વારા કવિ પોતાની સૌંદર્ય ભક્તિ અને કરુણાને સરળતાથી નિરૂપે છે. એક રાજવી અનુકંપા સાથે યુવાન શિકારીને કહેતો હોય તે રીતે કાવ્યનો ઉપાડ થયો છે. અહિંસા અને સૌંદર્યનો બોધ અહીં સ્પષ્ટ રીતે વ્યક્ત થાય છે. કવિ સ્પષ્ટ રીતે ઉપદેશ અને વિધાનયુક્ત હોવા છતાં ક્યાય કાવ્યતત્વ નો લોપ થતો હોય એવું લાગતું નથી. સૌંદર્ય એ માત્ર ઈશ્વરનું સર્જન નથી પરંતુ એમાં જ ઈશ્વર સમાયેલો છે એ દૃષ્ટિ સાથે આખું વિશ્વ સૌંદર્યમય બને અને કટુતા ક્લેશ નાશ પામે એવો ભાવ આજથી સો વર્ષ કરતાં પણ પહેલા આપના રાજવી કવિ કહી ગયા છે. આ વિશ્વ સૌંદર્યમય અને અતિ કુમળું, કુમાશભર્યું છે અહી ક્યાય તમારી નજરમાં ક્રૂરતા આંજશો નહીં. સૌંદર્યનું પોષણ કરવાનું છે. એને પૂજવાનું છે. આ વિશ્વ સંતના આશ્રમ જેવુ છે; એમાં ક્રૂરતા આચરવાથી હાથ ખાલી જ રહે છે. એમના જ શબ્દોમાં જોઈએ તો,

સૌંદર્યો વેડફી ડેતાં ના, ના, સુંદરતા મળે;

સૌંદર્યો પામતા પહેલાં સૌંદર્ય બનવું પડે.

આહિ બે વખત ના, ના, પૂનરુક્તિ દ્વારા સંહાર અટકાવવાનો સ્પષ્ટ નિર્દેશ આપે છે. સમગ્ર વિશ્વને શાંતિમય બનાવવું હોય તો ક્રૂરતાનો માર્ગ છોડીને કરુણાનો માર્ગ અપનાવવો જ રહ્યો.

કલાપીના કાવ્યોની રચના સરળ, અલંકારરહિત પણ ભાવથી ભરપૂર છે. તેમાં ઉભરાતી લાગણીનો જુસ્સો એટલો પ્રબળ છે, કે વંચનારના હૃદયને પિગાળી દે. મનને બેઘડી માટે લાગણીથીસમૃધ્ધ કરી વિચારતું કરી દેવાની આ કાવ્યોમાં તાકાત છે. Email: kisspandya@gmail.com

# અંકલેશ્વરમાં સ્વામી વિવેકાનંદ જયંતિ અને મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ભરૂચ, તા.૧૨

યુવા આયામ વિભાગના સંયોજક મુખ્ય વક્તા નીરવ પટેલે સ્વામી વિવેકાનંદના જીવનમાં મહત્વના પાસાઓને ઉજાગર કરતાં જણાવ્યું હતું કે, × સ્વામી વિવેકાનંદે એક મંત્ર આપ્યો: દરિદ્ર નારાયણ ભવ. આ જ સાચી દેશભક્તિ છે. આજે ભારત દેશમાં ભારતમાતાનું ક્યાંય મંદિર નથી. સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે, ભારત માતાની ઉપાસના કરો તો તમે વિશ્વમાં શ્રેષ્ઠ બનશો. સ્વામી વિવેકાનંદના જન્મદિવસની ઉજવણીમાં યુવાઓ બે મિનિટ ભારત દેશ માટે વિચાર કરે, દેશભક્તિ માત્ર બોર્ડર પર જઈને યુદ્ધમાં સહભાગી થવા માટે જ નથી. પરંતુ નાના નાના કામથી તમે તમારી દેશભક્તિને અભિવ્યક્ત કરી શકો છો. જેમ કે, ગરીબ બાળકોને શિક્ષણ આપીને, તેમની કાળજી કરીને, બર્થ ડે હોય ત્યારે જરૂરતમંદ ગરીબ બાળકોને ચોકલેટ કે કેક આપીને, ગરીબ પરિવારોને ધાબળા આપીને, સોશિયલ મીડિયામાં સેલ્ફી વિથ વિવેકાનંદ અથવા સેલ્ફી વિથ નેશનલ હીરો કે જે દેશના હીરો છે જેમણે તન, મન, ધનથી સમર્પણ કર્યું છે. આ કાર્યક્રમની આભારવિધિ આઝાદીનો અમૃત મહોત્સવના કન્વીનર પ્રા.પ્રવીણકુમાર બી.પટેલે કરી હતી. મતદાર જાગૃતિનો કાર્યક્રમમાં નાયબ મામલતદાર નીલાબેન પટેલ તથા નાયબ મામલતદાર મતદાર વિભાગ ઉર્વશીબેન પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

# પાલનપુર ના તબિબની બેદરકારી થી ગર્ભવતી મહીલાનું કરૂણ મોત




બનાસકાંઠા બ્યુરો તા ૧૨

પાલનપુર ના ખુબજ જાણીતા તબિબ તેવા દર્શન ડી કેલા ગર્ભવતી મહીલાના ઓપરેશન દરમિયાન બેદરકારી દાખવતા ગર્ભવતી મહીલાનું કરૂણ મોત નિપજ્યુ હતુ. જેમાં ગર્ભવતી પુત્રવધુ નું મોત નિપજતાં પરિવાર માં ભારે આક્રોશ ભભુકી ઉઠ્યો હતો.

વડગામ તાલુકાના વગદડી ગામની ગર્ભવતી પુત્રવધુ ના ઓપરેશન દરમિયાન ડો. દર્શન ડી.કેલા ની બેદરકારી દરમિયાન મોત નિપજ્યુ હતુ. આખરે તબિબે પોતાની કરેલી ભુલોનું પાપ છુપાવવા માટે પરિવારજનો ને રૂપિયા આપી મામલો થાળે પાડ્યો હતો. ત્યારે તબિબ ડો.દર્શન ડી.કેલા ની ભુલ ના હોય તો રૂપિયા કેમ આપી મામલો થાળે પાડવામાં આવ્યો હશે તેવી કામગીરી ઉપર અનેક સવાલો ઉભા થયા છે. જો આવી જ રીતે તબિબો દ્વારા પોતાનું પાપ છુપાવવા માટે રૂપિયા આપી પોતાનુ પાપ છુપાવવામાં આવશે તો આવનારા સમય માં કેટલાયે બનાવો બને તો નવાઇ નહી. માટે બનાસકાંઠા વહીવટી તંત્ર તેમજ આરોગ્ય તંત્ર દ્વારા તપાસ કરી કાયદાકિય પગલા ભરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

અહેવાલ દિલીપ ગોહીલ, બનાસકાંઠા બ્યુરો..

# પુણ્ય કાર્યને કાલ ઉપર ના છોડવું



ધર્મરાજા યુધિષ?ઠિર પાસે એક બ્રાહ્મણ યાચના કરવા માટે આવ?યા. મહારાજ યુધિષ?ઠિર તે સમયે રાજયના કાર્યમાં અત?યંત વ?યસ?ત હતા. તેમને નમ્રતાપૂર્વક બ્રાહ્મણને કહ્યું કે:ભગવન ! આપ આવતી કાલે પધારજો, આપશ્રીને ઇચ?છિત વસ?તુ પ્રદાન કરવામાં આવશે. બ્રાહ્મણ તો ચાલ?યા ગયા, પરંતુ આ સાંભળીને ભીમસેન રાજસભાના દ્વાર ઉપર રાખવામાં આવેલ દુન?દુભિ વગાડવા લાગ?યા અને સેવકોને પણ મંગલ નગારા વગાડવા માટે આજ્ઞા કરી. કસમયે નગારા વાગવાનો અવાજ સાંભળીને ધર્મરાજાએ પુછ્યું કે: આજે આ સમયે નગારા કેમ વગાડવામાં આવે રહ્યાં છે? સેવકોએ તપાસ કરીને કહ્યું કે: ભીમસેનજીએ નગારા વગાડવાની આજ્ઞા આપી છે અને તે પોતે પણ દુન?દુભિ વગાડી રહ્યા છે. ભીમસેનજીને બોલાવવામાં આવ?યા તો તેમને કહ્યું કે: મહારાજ યુધિષ?ઠિરે કાળને જીતી લીધો છે, આનાથી મંગળ અવસર બીજો કયો હોય ! યુધિષ?ઠિરએ આશ?ચર્યચકિત થઈને પૂછ્યું કે: મેં કાળને કેવી રીતે જીતી લીધો ? ભીમસેને સ?પષ?ટતા કરતાં કહ્યું કે: મહારાજ ! સમગ્ર વિશ્રૂવ જાણે છે કે: આપ હંસી મઝાકમાં પણ જૂઠી વાત બોલતા નથી. આપશ્રીએ યાચક બ્રાહ્મણને ઇચ?છિત દાન આવતી કાલે આપવાનું કહ્યું છે, તેથી ઓછામાં ઓછું કાલ સુધી તો આપશ્રીનો કાળ ઉપર અધિકાર રહેવાનો જ છે. તે સમયે જ યુધિષ?ઠિરએ પોતાની ભૂલનું ભાન થયું. યુધિષ?ઠિરએ કહ્યું કે: ભાઇ.. તમે મને આજે સાવધાન કરી દીધો. પુણ?ય કાર્ય તત?કાલ કરવું જોઇએ તેને કાલ ઉપર ટાળી દેવું એ ભુલ છે તે યાચક બ્રાહ્મણ દેવતાને હમણાં જ બોલાવી તેમને ઇચ?છિત દાન આપીએ.

વિદ્રાનોએ આ શરીરને પાણીના પરપોટા જેવું ક્ષણભંગુર તેમજ નાશવાન બતાવ?યું છે. એક ક્ષણ પછી આ જીવન રહેશે કે કેમ ? તેનું કોઇ પ્રમાણ નથી, એટલે કે:તમામ પ્રાણીઓનું જીવન પ્રતિક્ષણ વિનાશની તરફ જઇ રહ્યું છે, એટલે મનુષ?યએ નિરંતર પ્રભુ પરમાત?માનું જ ચિંતન કરવું. ધર્મકાર્ય-સત?કાર્યને કાલ ઉપર કયારેય ના છોડવું. કાલે કરવાનું કામ આજે જ કરી નાખવું, કારણ કે: મૃત?યુ એ નથી જોતું કે તેનું કામ હજુ પુરૂં થયેલ નથી. માનવ ભાવી આયોજનો કરતો રહે છે અને મૌત તેને લઇને ચાલ?યું જાય છે. મન અત?યંત ચંચળ છે. આ ક્ષણે તે જે વિચાર કરે છે, બીજી જ ક્ષણે તે બદલાઇ જાય છે, એટલે જે ક્ષણે સારો વિચાર આવે તેને તે જ ક્ષણે કાર્યરૂપ આપી સંપન?ન કરવાનો યથાશક્તિ પ્રયત?ન કરવો જોઇએ.

મનની ચંચળતા અને જીવનની ક્ષણભંગુરતા સમજીને સત?સંકલ્પને તત?કાળ જ પૂરો કરી દેવો, કારણ કે: કાલનો કોઇ ભરોસો નથી. મૃત?યુની સાથે જેને મિત્રતા કરી લીધી છે અને જેને અમૃતપાન કરીને અમરતા પ્રાપ?ત કરી લીધી છે તે જ કહી શકે છે કે: આ કામ હું કાલે કરીશ. પ્રતિક્ષણ વિનાશની તરફ જઇ રહેલા જીવનની પ્રત?યેક ક્ષણનો સદ્ઉપયોગ કરવો જોઇએ.

સંકલન: સુમિત્રાબેન દાદુભાઇ પરમાર છક્કડીયા, પોસ્ટ:ધાણીત્રા, તા.ગોધરા Sumi7875@gmail.com

# મકર સંક્રાતીના પવિત્રપર્વ નીમીતે એનીમલ હેલ્પલાઇનને અનુદાન આપવા અપીલ

રાજકોટમાં છેલ્લા ૧૮ વર્ષથી એનીમલ હેલ્પલાઇન કાર્યરત છે. રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુ-પંખીઓને વિનામુલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવી છે. કરૂણા ફાઉન્ડેશનની એનીમલ હેલ્પલાઇનની સેવા કરતા સ્ટાફને જાણવા મળ્યું કે, આ નિરાધાર અને રસ્તે રઝળતા પશુઓને ખાવા-પીવાનો પણ અભાવ છે, આ જાણી સંસ્થા દ્વારા સૌરાષ્ટ્રનું પશુ-પક્ષીઓનું હરતુ-ફરતુ અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવ્યું. આ અન્નક્ષેત્ર શરૂ કર્યા બાદ સંસ્થાએ આ પ્રકારના બીજા અનેકો અન્નક્ષેત્રો ચાલ કરવાની અન્ય સંસ્થાઓને પ્રેરણા આપવામાં સફળ બન્યા. સંસ્થાની ૧૮ વર્ષની સેવા યાત્રાની સફળતામાં સંસ્થાના કર્મયોગી ડોકટર્સ તેમજ અન્ય ૪૦ જેટલા કર્મયોગી કર્મચારીઓની રાત-દિનની જહેમત પણ રંગ લાવી છે. છેલ્લા ૧૮ વર્ષથી કરૂણા ફાઉન્ડેશન દ્વારા મુંગા, બિનવારસી પશુ-પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતું 'મોબાઈલ પશુ ચિકિત્સાલય', 'એનિમલ હેલ્પલાઇન અને વેટરનરી હોસ્પિટલ' સ્વરૂપે સેવારત કરાયું છે. રસ્તે રઝળતાં નિરાધાર બીનવારસી પશુ પક્ષીઓની તેમજ રેલ્વે ટ્રેક પર અકસ્માતે ઘવાયેલી ગૌમાતાઓને અને રોડ અકસ્માતનો ભોગ બનેલ નાના—મોટા પશુઓને પણ આ સારવાર લાભ મળે છે. જેને કોઇ પુછનાર નથી એવા અબોલ જીવોની સારવારનું કાર્ય સૌના સાથ-સહકારથી થાય છે. અત્યાર સુધીમાં ૫,૫૦,૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની સ્થળ ઉપર જ, વિનામૂલ્યે, નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા, દસ એમ્બ્યુલન્સ તેમજ બે બાઇક એમ્બયુલન્સ થકી ઓપરેશન સહિતની સારવાર થઈ છે, થતી રહે છે. દર માસે લગભગ ૭૫૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની નિષ્ણાંત પશુચિકીત્સકોની ટીમ દ્વારા, સ્થળ પર જ, વિના મૂલ્યે તેઓ સાજા થાય ત્યાં સુધીની સઘન-સારવાર કરવામાં આવે છે. બીમાર અને અશકત, અકસ્માતથી ઘવાયેલ પશુ-પક્ષીઓને ગૌશાળા/પાંજરાપોળ સંસ્થાની જ નિઃશૂલ્ક વેટરનરી હોસ્પિટલ માં દાખલ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવે છે. કુતરીઓના ૫૭૦ જેટલા સીઝરીયન ઓપરેશન, ૬૭૩ થી વધારે ગૌ માતાના હોર્ન કેન્સરના (શીંગડાનું કેન્સર) ઓપરેશન કરવામાં આવ્યા છે. આસપાસના ગ્રામ્ય વિસ્તારો તેમજ ગૌશાળામા ૨૬૦ જેટલા પશુ રોગ નિદાન-સારવાર કેમ્પ કરવામાં આવ્યા છે. ઉપરાંત, ભારતનો સર્વ પ્રથમ એવો “પશુ-પક્ષીઓના અંધત્વ નિવારણ માટેનો કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, સતત કરવામાં આવે છે.

ગૌશાળાઓમાં વૃક્ષારોપણ અભિયાન, અવેડા તેમજ ચબુતરા બનાવવા – ટ્રેવીસ તેમજ અન્ય સાધન સામગ્રી ફીટ કરાવવી સહીતની પ્રવૃત્તિઓ સતત થતી રહે છે. સૌરાષ્ટ્રના સૌપ્રથમ એવા શ્વાન તથા બિલાડીઓના માટેના “દંત ચિકિત્સા કેમ્પ×, ‘‘ચર્મ ચિકિત્સા કેમ્પ, “નેત્ર ચિકિત્સા કેમ્પનું” આયોજન કરવામાં આવ્યું હતુ. કતલખાને જતા ગૌવંશ, ગૌમાતા, મરઘા, પક્ષીઓ વિ. ને બચાવવામા ટ્રસ્ટ આવી પ્રવૃતિઓ કરતી સંસ્થાઓને મદદ રૂપ થાય છે. અનેકવાર માછીમારીની જાળ પકડીને હજારો માછલીઓને બચાવાઈ છે. ૧૮ વર્ષમા ૧૨,૦૦,૦૦૦ ચકલીના માળા, પક્ષીના પાણી પીવાના કુંડાનુ નિઃશુલ્ક વિતરણ કરાયુ છે. ગૌમાતાની પાણી પીવાની કુંડી સંસ્થા દ્વારા નિઃશુલ્ક આપવામાં છે. સંસ્થા દ્વારા નિઃશુલ્ક વેટરનરી હોસ્પિટલ અને પાંજરાપોળ પણ ચલાવવામાં

આવે છે. જુની શ્રીજી ગૌશાળા(ગોંડલ રોડ, તુલીપ પાર્ટી પ્લોટ પાછળ, વાવડી, રાજકોટ) ખાતે સંસ્થાની વેટરનરી હોસ્પિટલ અને શેલ્ટરમાં અંદાજે ૧૨૦૦ જેટલા બીમાર, અશકત, ઘવાયેલા પશુ-પક્ષીઓને આશ્રય, સારવાર સતત, દરરોજ મળે છે. આ હોસ્પિટલમાં ઓપીડી રૂમ, ઓપરેશન થીયેટર, સ્ટાફ ક્વાટર્સ બર્ડ હાઉસ, નાની ગૌશાળા, ચબુતરો, અવેડો સહિતની અનેક સુવીધાઓ ઉપલબ્ધ છે. આ હોસ્પિટલમાં ઓપરેશન સહિતની તમામ સુવીધાઓ નિઃશુલ્ક આપવામાં આવે છે. દુષ્કાળ સમયે ૭ કેટલ કેમ્પોના માધ્યમથી ૩,૫૦૦ જેટલી ગૌમાતા, ગૌવંશના નીભાવમાં સંસ્થાના અગ્રણીઓ નીમીત બન્યા હતા. આ વર્ષે પણ રાજકોટમાં કચ્છથી આવેલી ગૌમાતાના નિભાવ માટે સંસ્થા દ્વારા સતત મદદ કરવામાં આવે છે. સંસ્થા દ્વારા વિશ્વનું સૌપ્રથમ એવું પશું -પક્ષીઓ માટેનું રોજીંદુ “હરતું-ફરતુ અન્નક્ષેત્ર” ચલાવવામાં આવે છે. જેમાં શહેરમાં વિવિધ સ્થળોએ, પક્ષીઓને ઋતુ અનુસાર ૩૦૦ કિ.ગ્રા. ચણ દરરોજ આપવામાં આવે છે. ૨૦ જેટલા વિસ્તારોમાં રોજ ૨૫૦ લીટર દુધ અને ૫૦ કિલો લોટની રોટલીનું ભોજન, ૭૦૦ થી વધુ શ્વાનોને પીરસવામાં આવે છે. નાના જીવને પણ ખોરાક મળી રહે તે માટે દરરોજ કિડીઓને ૧૫ કિ.ગ્રા. કીડીયારૂ પુરવામાં આવે છે. કાગડા-કાબર ને અનુકૂળ ફરસાણ પીરસાય છે. લોટની ૪૦ કિ.ગ્રા. ગોળી બનાવી દરરોજ માછલીને આપવામાં આવે છે. દરરોજ ૩૦ કિલો મકાઈનાં ડોડા ખિસકોલીઓને ખવડાવવામાં આવે છે. વેરાવળ, જામનગર, જુનાગઢ, સુરેન્દ્રનગર, મહુવા, ચોટીલા, ભાવનગર, દ્વારકા, થાન, મોરબી, વેરાવળ સહીતના શહેરોમાં એનીમલ હેલ્પલાઈનનો શુભારંભ કરાવવામાં સંસ્થા નિમીત બની છે. સમગ્ર ગુજરાત તેમજ સમગ્ર ભારતમાં, વિશ્વમાં હેલ્પલાઇન ચાલુ થાય તેવો સંસ્થાનું ધ્યેય છે.

અનુદાન અંગે વિવિધ તીથી યોજના પણ કાર્યરત છે. સંસ્થા ને કોઈ કાયમી ભંડોળ નથી કે કોઈ નીયમીત આવકનુ સાધન નથી, સંસ્થા પ્રવર્તમાન મોંઘવારીની સ્થિતીના હિસાબે, ગૌ સેવા જીવદયા પ્રવૃતીઓનો નિર્વાહ કરવો ખુબ મશ્કેલ બન્યો છે. કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈનના મિતલ ખેતાણી (મોઃ ૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (મો. ૯૯૯૮૦ ૩૦૩૯૩) પર ફોન કરવાથી આપને ત્યાંથી અનુદાન સ્વીકારવાની વ્યવસ્થા કરાશે. વાર્ષીક બે કરોડના માતબર ખર્ચે સેવારત આ સંસ્થાને સહકાર આપવા અપીલ કરાઇ છે. સંસ્થાની વેબસાઇટ (ુ.ફહૈદ્ધક્ષરીૠૅૈહી.ૈ.હ) ની મુલાકાત લેવા વિનંતી કરાઇ છે. વેબસાઈટ પર ઓનલાઈન ડોનેશન સ્વીકારવાની પણ વ્યવસ્થા કરાઈ છે. સંસ્થા દ્વારા નાની સાઇઝની આકર્ષક દાન પેટી તૈયાર કરાઇ છે જે ધંધાના સ્થળે/ઘરે મુકી યથાશકિત અનુદાન આ પેટીમાં નંખાવી શકાય છે. અનુદાન પેટી મેળવવા તેમજ દર મહિને ફીકસ, સ્વૈચ્છીક અનુદાન આપવાની યોજનામાં ભાગ લેવા મિતલ ખેતાણી (મોઃ ૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (મો. ૯૯૯૮૦ ૩૦૩૯૩)નો સંપર્ક કરવો. સંસ્થાને મળતું દાન આવક વેરા મુકિત પ્રમાણપત્ર ૮૦—જી કલમ હેઠળ ધરાવે છે. સંસ્થા વિદેશથી મળતું દાન સ્વીકારવાનું લાયસન્સ FCRA હેઠળ ધરાવે છે. સંસ્થાની બેંક ડીટેઇલ્સ બેંક ઓફ બરોડા (રાજકોટ મેઈન, રાજકોટ) A/c No.03600100026705 તથા RTGS/NEFT IFSC CODE BARB0RAJKOT. ચેક/ડ્રાફ્ટ 'શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ' ના નામનો બનાવવો. મકર સંક્રાંતીના પવિત્ર દિવસોમાં દાનનું અનેરૂ મહત્વ હોય છે, અનુદાન આપી અબોલ જીવોના પ્રાણદાનમાં ઉપયોગી થવા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઇનના મિતલ ખેતાણી, પ્રતિકભાઇ સંઘાણી, ઘનશ્યામભાઇ ઠક્કર, ધિરેન્દ્રભાઇ કાનાબાર, રમેશભાઇ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ સહિતનાઓએ અપીલ કરી છે.

# પાલનપુરમાં મહીલા સાથે ઝપાઝપી કરી અપહરણનો પ્રયાસ કરનાર શખ્સને ૬ માસની સજાનો હુકમ ફટકાર્યો.




બનાસકાંઠા બ્યુરો તા ૧૨

પાલનપુરમાં ૭ વર્ષ અગાઉ એક મહીલા સાથે ઝપાઝપી કરી અપહરણનો પ્રયાસ કરનાર આરોપીને પાલનપુરની બીજી એડીશનલ ચીફ જયુડીશીયલ કોર્ટના ન્યાયાધીશે ૬ માસની સાદી કેદ અને રૂ. ૫૦૦ નો દંડનો હુકમ ફટકાર્યો હતો.આ અંગેની વિગત એવી છે કે, પાલનપુર શહેરના બ્રાહ્મણવાસ વિસ્તારમાં રહેતાં ચંદ્રકાન્ત પ્રહલાદભાઈ જોષીએ તા. ૨૫/૦૮/૨૦૧૫ ના દિવસે હનુમાન મંદિર નજીક સેજલબેન મનિષભાઇ પરમાર સાથે ઝપાઝપી કરી રોડ ઉપર પટક્યા હતા અને અપહરણનો પ્રયાસ કર્યો હતો. આ અંગે તેણીએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ અંગેનો કેસ પાલનપુરની બીજી એડીશનલ ચીફ જયુડીશીયલ કોર્ટમાં ચાલી જતાં ન્યાયાધીશ ગૌરવ એસ. દરજીએ ફરિયાદીના વકીલ એસ. એમ. જોષીની દલીલો ગ્રાહ્ય રાખી આરોપી ચંદ્રકાન્ત જોષીને ઈ.પી.કો. કલમ-૨૪૮ (૨) અન્વયે કલમ-૩૨૩, ૫૧૧ માં તકસીરવાન ઠેરવી ૬ માસની સાદી કેદ અને રૂ. ૫૦૦ નો દંડનો હુકમ ફટકાર્યો હતો.

અહેવાલ દિલીપ ગોહીલ બનાસકાંઠા બ્યુરો

# થરાદની શ્રી દેવ વિદ્યામંદિર સ્કૂલ ખાતે એબીવીપી દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ કાર્યક્રમ યોજાયો




પ્રતિનિધિ : થરાદ

૧૨મી જાન્યુઆરીના રોજ દેશભરમાં યુવા પ્રેરણાદાયી એવા સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ ઉજવાય છે, ત્યારે થરાદ ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ થરાદ શાખા દ્વારા શ્રી દેવ વિદ્યામંદિર ખાતે સ્વામી વિવેકાનંદની ૧૫૯મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે RSS ના તાલુકા કાર્યવાહ લક્ષ્મણભાઈ પટેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને યુવાનો જોશ પુરૂ પાડતું વક્તવ્ય આપ્યા બાદ સ્કૂલના પ્રમુખ દેવાભાઈ પટેલે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન એબીવીપી જીલ્લા સમિતી સદસ્ય અરવિંદભાઈ પુરોહિતે કર્યા બાદ કાર્યક્રમની આભારવિધી કાર્યક્રમના ઈન્ચાર્જ નગર સહમંત્રી રાજેશભાઈ જોષીએ કરી કાર્યક્રમ યોજયો હતો, આ કાર્યક્રમમાં સ્કૂલના પ્રમુખ દેવાભાઈ પટેલ, સ્કૂલના પ્રિન્સિપાલ જયેશભાઈ પંડયા, એબીવીપી નગરમંત્રી યશપાલસિંહ ચૌહાણ, એબીવીપીના કાર્યકર દેવશીભાઈ ચૌધરી સહિતના કાર્યકરો, શિક્ષણગણ અને વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

અહેવાલઃ પ્રતિનિધિ : થરાદ. બનાસકાંઠા

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




**NOH SS NO 0002**

વિષય :ઓમિક્રોન અને મકરસંક્રાંતિ ઉત્સવ

શીર્ષક સજા કોને?

આજે કોરોના કાળમાં કોનો ફાયદો અને કોને ગેરફાયદો થયો કે કોની આ રાજરમત? એતો મને ખબર નથી પણ કયાંકને કયાંક આપણો વાંક તો છે જ જેને લીધે ,
કુદરતનો આ ખેલ નિરાળો
માનવથી માનવ ગભરાણો...
એમાં પણ આ નવો ઓમિક્રોન વાયરસ શું છે ?એ મારી સમજની બહાર છે. મારા મત પ્રમાણે ૨ વેક્સિન લીધાં પછી આ વાયરસનો પ્રભાવ આજે નહીંવત જ રહી ગયો છે અને મૃત્યુદર પણ ઓછો છે . તો પછી ડર કેવો ?મને ઘણીવાર એ થાય છે કે શું બીજાં રોગો આ ધરા પરથી નેસ્તનાબૂદ થઈ ગયાં છે? ફક્ત જો કોરોના જ રહી ગયો હોય તો એ સારી જ વાત છે તેમ છતાં આજે પણ નાના પ્રકારની પાબંદી લગાવી દીધી આજે મકરસંક્રાંતિ પર પાબંધી લગાવવામાં આવી એના ફાયદાની વાત કરું તો નિર્દોષ પક્ષીઓને વધારે થયો છે કારણ ચીની અથવા કાચ પાયેલા માંજાથી લાખો નિર્દોષ પક્ષીઓને આપણે વગર વાંકે સજા કરીએ છીએ. ક્યારે એમની વ્યથા સમજવાની કોશિશ કરી છે? આજે છત પર બે પારેવડાને એકબીજાને પ્રેમ કરતાં જોયાં જાણે કહી ન રહ્યાં હોય કે કાલે શું થશે કોને ખબર ?આજે તો મનમૂકીને પ્રેમ કરી લઈએ એમની આ વ્યથા પર મારી લખેલી એક કવિતા મને યાદ આવી,

શું હતો વાંક અમારો?
આ તે કેવી સજા?
હતી ઘરે પહોંચવાની
મારે ઉતાવળ,
તમારી મજા ને મને સજા!
શું હતો વાંક અમારો?
નથી હું બળાત્કારી કે નથી અત્યાચારી,
તો મને કેમ ફાંસી હે માનવ દેહધારી.
શું હતો વાંક અમારો?
વાટ જોતાં હશે મારાં બાળુડા હે અજ્ઞાની,
અજાણતાં જ મારી તો દુનિયા લુટાંણી.
શું હતો વાંક અમારો?
બતાવોને મારો શું અપરાધ?
આ તે ક્યા અપરાધની સજા?
શું વાંક હતો અમારો આતે કેવી સજા?

ખરેખર મિત્રો, આ કોરોના શું છે અને ક્યારે જશે એ તો ભગવાન જાણે પણ પક્ષીઓને અભયવરદાન મળ્યુ છે .

મિત્રો મારા માટે ઉત્સવ એટલે ખુશી જેનો હક્કદાર પૃથ્વી પર દરેક જીવ છે.

જીજ્ઞા કપુરિયા" નિયતી"

---

**.NOG: NOG. SS.NO.0019**

વિષય..સાહિત્યની સફર

વર્ષ ૨૦૨૧ આમ તો સાહિત્ય માટે મારા માટે સામાન્ય રહ્યું. બહુ સર્જનાત્મક લખાયું નહીં એનું દુઃખ થયું. અન્ય ગૃપ સાથે જોડાયેલી હોવાથી બે મેગા સ્પર્ધા ઇવેન્ટ કરી.થોડીઘણી ટુંકી વાર્તા લખાઇ.બે સહિયારી બુકમાં લેખન કાર્ય થયું. વાંચવા માટે પણ ગત વર્ષ સામાન્ય રહ્યું. એક પુસ્તકમેળાનું આયોજન કર્યું. હરકિશન મહેતાનાં બે પુસ્તકોની સીરીઝ વાંચી. તબિયત અસ્વસ્થ હોવાથી ક્યાંક નિયમિત નથી લખી શકાયું. જે કંઈ પણ સર્જન થયું એનાં પ્રોત્સાહન પણ મળ્યાં. એક ઇ..મેગેઝીન માટે બે ત્રણ કોલમમાં નિયમિત લખાયું.

બસ,વિશેષ કંઈ જ નથી.

કલ્પનાબેન ત્રિવેદી .સુરેન્દ્રનગર

---

**NOG.SS.NO:0032**

વિષયઃ ઓમિક્રોન અને મકરસંક્રાંતિ

શીર્ષકઃ "ઓમિક્રોનની ધમાકેદાર એન્ટ્રી"

મકરસંક્રાંતિના તહેવારની સાથે,
ઓમીક્રોનની થઈ ધમાકેદાર એન્ટ્રી.
નથી એની પાસે કોઈ પાસવર્ડ કે
નથી એની પાસે કોઈ આધારકાર્ડ.
સૌ કોઈ આ શિયાળાની ઠંડીમાં,
ડરીને બેઠાં છે પોત પોતાના ઘરમાં.
કોરોનાની ત્રીજી લહેર અને પાછી,
જાણે વાતાવરણમાં ગમગીની છવાઇ.
૨૦૨૦,અને ૨૦૨૧ની યાદ તાજી થઈ,
બુસ્ટર ડોઝ માટે લાઈનની પડાપડી.
શું થશે માનવ જીવન પર એની મથામણ,
નથી કોઈને આજ યાદ મકરસક્રાંતિની.
નાના મોટા,બાળગોપાલ સૌ ચિંતાગ્રસ્ત,
માસ્ક અને સેનીટાઈઝર દેખાયા ફરી બજારમાં.
પતંગ, ફીરકી, માંજો સંતાઈ ગયા બજારમાં
પાછો કોરોના કાળની અફરાતફરી ઘેર ઘેર .
ડોક્ટરતંત્ર થઈ ગયું સાબદુ શસ્ત્રસરંજામ લઈ,
ઠેર ઠેર રસી સ્વાસ્થ્ય કેન્દ્રના બુથ ખડકાયા.
રહી રહીને પાછા માનવજીવ પડીકે બંધાયા.
રોજ કુદકેને ભૂસકે વધતા ઓમિક્રોનનાં કેસ,
માનવજીવન ખોરવાયુ,શાળા કોલેજ થયા બંધ.
બાળકો અને વૃધ્ધો પાછા ઘરમાં પૂરાયા,
શહેરમાં થયો પાછો૧૦થી ૫નો રાત્રિ કરફ્યુ.
પ્રભુ ,તું આ ઓમિક્રોનની મહામારીમાંથી ઉગારજે

મીના માંગરોલીયા મીનુ અમદાવાદ. ..

---

**NOG SS NO 0037**

વિષય - ઓમિક્રોન,કોરોના, મકરસંક્રાંતિ.

વિભાગ - પદ્ય.

શીર્ષક- માનવ અર્જુન બન

કોરોના મહામારીનાં ગ્રહણ બાદ,
થયું સુંદર પ્રભાત.
જીવન ચક્ર સૌના થયાં ગતિશીલ.
વેક્સિને અપાવ્યો માનવને વિશ્વાસ.
નવ સર્જન સૃષ્ટિનું થયું.
કલશોર માનવ મહેરામણનો થયો.
કિલકિલાટ કરતી શાળાઓ ગુંજી.
થનગનાટ કરતી સંસ્થાઓ થઈ.
ગ્રહણ ફરી કોરોના મહામરીનું આવ્યું.
જન્મ ઓમિક્રોનનો થયો નવા સ્વરૂપે.
મકરસંક્રાંતિનાં પર્વને પાંગળું કર્યું.
જિંદગીની પતંગ અવકાશમાં અટવાય.
Thanks to God
Thanks to technology
Booster dose આશાનો દીપ.
જિંદગીનાં થયાં વાવેતર.
કૃષ્ણ, જીવન રથના સારથિ બની આવે જ છે.
આપણે સૌએ અર્જુન બની અડગ બની રહેવું.

હેમલતા દિવેચા ( હેમ )

# દિવ્યાંગોના કલ્યાણ માટે રાજ્યકક્ષા પારિતોષિક માટે અરજી કરવી

રાજ્ય સરકારશ્રી દ્વારા શ્રેષ્ઠ કાર્યક્ષમ દિવ્યાંગ કર્મચારીઓ / સ્વરોજગાર કરતી શ્રેષ્ઠ દિવ્યાંગ વ્યકિતઓ, દિવ્યાંગોને નોકરીએ રાખનાર શ્રેષ્ઠ નોકરીદાતાઓ અને દિવ્યાંગ વ્યકિતઓને થાળે પાડવાની કામગીરી કરતા પ્લેસમેન્ટ ઓફિસરોને રાજયકક્ષાના પારિતોષિક આપવાની યોજના અમલમાં છે.

જે અન્વયે દિવ્યાંગ પારિતોષિક મેળવવા ઈચ્છુક દિવ્યાંગ કર્મચારીઓ/ અધિકારીઓ, દિવ્યાંગ કર્મચારીઓને નોકરીમાં રાખનાર અધિકારીશ્રીઓ/નોકરીદાતાઓ, પ્લેસમેન્ટ ઓફિસરશ્રીઓ અથવા સ્વરોજગાર કરતા દિવ્યાંગ વ્યકિતઓએ નિયત નમુનામાં ફોર્મ ભરીને,જરૂરી આધારો સાથે ભરેલા અરજીપત્રકો બે નકલમાં તા.૨૧/૦૧/૨૦૨૨ સુધીમાં મદદનીશ નિયામક(રોજગાર),ની કચેરી, અસારવા, બહુમાળી ભવન, બ્લોક એ/બી, પ્રથમ માળ. ગીરધરનગર બ્રીજ પાસે, શાહીબાગ,અમદાવાદને રૂબરૂ કે ટપાલથી પહોંચતા કરવાના રહેશે.

જરૂરી ફોર્મ વેબસાઈટ https://talimrojgar.gujarat.gov.in પરથી મેળવી શકાશે અથવા મદદનીશ રોજગારની કચેરી ખાતેથી તા.૨૧/૦૧/૨૦૨૨ સુધીમાં કામકાજના દિવસો દરમ્યાન વિના મૂલ્યે મેળવી શકાશે.તેમ ઇ.ચા મદદનીશ નિયામક(રોજગાર) અમદાવાદની યાદીમાં જણાવાયું છે.

# ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ સંદર્ભે અમદાવાદ શહેર પોલીસ દ્વારા લાગુ કરાયેલા નિયંત્રણો

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકૂમત હેઠળના સમગ્ર વિસ્તાર માટે તા.૧૪ અને ૧૫/૦૧/૨૦૨૨ ના રોજ ઉત્તરાયણ તથા વાસી ઉત્તરાયણના તહેવારની ઉજવણી કરવામાં આવતી હોય છે. સામાન્ય સંજોગોમાં ઉત્તરાયણ તથા વાસી ઉત્તરાયણના તહેવારની ઉજવણી માટે ધાબા, અગાસીઓ તેમજ ખુલ્લા મેદાનોમાં મોટી સંખ્યામાં એકત્રિત થતા હોય છે. મોટી સંખ્યામાં લોકો એકત્રિત થવાથી કોરોના સંક્રમણ વધવાની શકયતા રહેલી છે. આથી અમદાવાદ શહેરમાં હાલમાં પ્રવર્તમાન કોરોનાની પરિસ્થિતી ધ્યાને લેતાં તા.૧૧/૦૧/૨૦૨૨ થી તા.૧૭/૦૧/૨૦૨૨ સુધી કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સલામતિ સાચવવા પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવ દ્વારા કેટલાક નિયંત્રણો અધિસૂચિત કરવામાં આવ્યા છે.

જેમાં કોઈપણ જાહેર સ્થળો/ખુલ્લા મેદાનો રસ્તાઓ વિગેરે પર એકત્રિત થઇ શકાશે નહી તેમજ પતંગ ચગાવી શકશે નહી. પ્રવર્તમાન મહામારીની પરિસ્થિતીમાં ઉત્તરાયણનો તહેવાર પોતાના પરિવારના નજીકના સભ્યો (Close family members only) સાથે જ ઉજવવામાં આવે તે સલાહ ભર્યું છે. માસ્ક વિના કોઈપણ વ્યકિત મકાન/ફલેટના ધાબા/ અગાસી કે સોસાયટીના મેદાનમાં પતંગ ચગાવવાના હેતુથી એકત્રિત થઈ શકશે નહી. ત્યાં ઉપસ્થિત લોકોએ સોશીયલ ડીસ્ટન્સનું પાલન અને સેનેટાઈઝરની વ્યવસ્થા ફરજીયાત પણે કરવાની રહેશે.

મકાન/ફલેટના ધાબા/ અગાસી કે રહેણાંક સોસાયટીના મેદાનમાં ત્યાંના રહીશ સીવાયની કોઈપણ વ્યકિતને પ્રવેશ આપવાનો રહેશે નહી. ફલેટ/રહેણાંક સોસાયટી સબંધિત કોઈપણ સુચનાઓના ભંગ બદલ સોસાયટી/ફલેટના સેક્રેટરી/ અધિકૃત વ્યકિતઓ જવાબદાર રહેશે અને તેઓ વિરૂધ્ધ નિયમોનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

મકાન/ફલેટના ધાબા/ અગાસી કે રહેણાંક સોસાયટીના મેદાનમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થવા પર પ્રતિબંધ રહેશે. મકાન/ફલેટના ધાબા/ અગાસી કે સોસાયટીના મેદાનમાં લાઉડ સ્પીકર, ડી.જે. અથવા કોઈપણ પ્રકારની મ્યુઝીક સીસ્ટમ વગાડવાથી ભીડ એકત્રિત થવાથી સોશીયલ ડીસ્ટન્સનો ભંગ થવાની તેમજ કોરોના તૃસંક્રમણ વધવાની શકયતા હોવાથી લાઉડ સ્પીકર, ડી.જે. તેમજ મ્યુઝીક સીસ્ટમનો ઉપયોગ પ્રતિબંધિત

૬૫ વર્ષથી વધુ વયના વયસ્ક વ્યકિતઓ / અન્ય રોગોથી પીડીત વ્યકિતઓ, સગર્ભા સ્ત્રીઓ અને ૧૦ વર્ષથી ઓછી વયના વ્યકિતઓ ધરે રહે તે સલાહભર્યુ છે. કોઈપણ વ્યકિત જાહેર જનતાની લાગણી દુભાય તેમજ સુલેહ શાંતિનો ભંગ થાય તેવા કોઈપણ પ્રકારના લખાણો/સ્લોગન/ચિત્રો પતંગ પર લખી શકશે નહી.

સુપ્રિમ કોર્ટ/ હાઈકોર્ટ તથા હ્ન્ની સુચનાઓ અન્વયે ચાઈનીઝ સ્કાયલેન્ટર્ન, ચાઈનીઝ તુકકલ, સ્કાય લેન્ટર્ન, સિન્થેટીક / કાંચ પાયેલા માંઝા,પ્લાસ્ટીક દોરી વિગેરે પ્રતિબંધિત રહેશે. જે વ્યકિતઓ અમદાવાદ શહેરમાં જુદા-જુદા સ્થળોએ આવેલ પતંગ બજાર રાયપુર, ટંકશાળ,નરોડા વિગેરેની મુલાકાત લે ત્યારે કોરોના સબંધી દિશા નિર્દેશોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અને વ્યકિતઓની સંખ્યા મર્યાદીત રહે તે માટે પોલીસ કર્મચારીઓને સહકાર આપવાનો રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર તથા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમ અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવે જણાવ્યું છે.

# કોરોના અને અકસ્માત સામે સાવચેતી રાખીને પતંગ થકી આકાશને આંબીએ

આનંદની છોળો વચ્ચે મનાવતા મકરસંક્રાંતિ પર્વ આ વખતે પણ કોરોના વાયરસના સંક્રમણના ભય વચ્ચે ઉજવવું પડે એમ છે. ટોળાઓ ભેગા કરીને પતંગ આકાશમાં ઉડાડવાની મજામાં કોઈને સંક્રમણનું દુઃખના આવી જાય એની તકેદારી રાખીને પર્વની મજા માણવાની છે. રાજ્ય સરકાર દ્વારા આ બાબતે વિસ્તૃત માર્ગદર્શિકા અધિસૂચિત કરાઇ છે. તેના પાલન સાથે અકસ્માત ના થાય એ રીતે આકાશને પતંગ થકી આંબવાનો આનંદ લેવાનો છે. આ માટે શું તકેદારી રાખી શકાય એ પણ જાણવું જરૂરી છે.

ઉત્તારાયણમાં ધાબા પર જઈને પતંગ ઉડાડવાની તથા પતંગ પકડવાની મજા અલગ જ હોય છે. પરંતુ આ મજા માણતા ઘણીવાર અકસ્માત તથા ઈજાઓ સર્જાતી હોય છે. જેમાં ઘણી ઈજાઓ કે અકસ્માત જીવલેણ બની જાય છે. અને તહેવારની મજામાં ભંગ પડી જાય છે. આવી અગમ્ય ઘટનાઓને આપણે થોડી સાવચેતી લેવાથી ટાળી શકીએ છીએ.

પતંગની દોરીથી થતી ઈજાઓને અટકાવવા માટે પતંગ ચગાવતી વખતે હાથની આંગળીઓને પટ્ટીઓ લગાવવી અથવા હાથ મોજાંનો ઉપયોગ કરવો હિતાવહ રહે છે. તે ઉપરાંત, આખી બાયના કપડાં, આખા પેન્ટ, બંધ શૂઝ, સ્કાર્ફ, મફલર, ટોપી તથા ચશ્માંનો ઉપયોગ કરવાથી પતંગની દોરીથી થતી ઈજાને ટાળી શકાય છે. સારવાર કરતાં સાવધાની રાખવી હંમેશા લાભદાયક હોય છે.

ઉતરાયણ તહેવારમાં પતંગ ચગાવતા દોરીથી ઈજાઓ થતી હોય છે. દોરીથી નાના કાપથી લઈને મોટા - ઊંડા ઘા સુધીની ઈજા થઈ શકે છે. આવી ઈજાઓ ચાઈનીઝ દોરીઓથી વધારે થવાની શક્યતાઓ રહે છે. તેથી ચાઈનીઝ દોરીને વપરાશ ના કરવો જોઈએ. પતંગની દોરી રંગવામાં કલર, કાચ તથા કેમિકલનો વપરાશ થતો હોય છે જે માનવ શરીર માટે હાનિકારક થઈ શકે છે.

જો દોરીથી નાના સરખો કાપો થયો હોય તો તે ઘાને સ્વચ્છ અને વહેતા પાણીથી સાફ કરીને સ્ટરાઈલ ડ્રેસિંગ કરવું જોઈએ. જો ઘા / કટ ઊંડો તથા મોટો હોય તો ચામડી, માંસપેશીઓ, ટેન્ડન તથા રક્તવાહિનીઓને ઈજા થઈ શકે છે. આવી ઈજાઓમાં મોટા પ્રમાણમાં લોહી વહી શકે છે તથા ઊંડા ઘાથી માંસપેશીઓ, નસ કે ટેન્ડનમાં કાપો પડ્યો હોય તો તે અંગનું કાર્ય બંધ પડી શકે છે.

ઊંડા તથા મોટો ઘા થયો અને વધુ માત્રામાં લોહી વહી રહ્યું હોય તો ઘાને સ્વચ્છ કપડાથી દબાવીને રાખવો જોઈએ અને પૂરતા પ્રમાણમાં દબાણ આપવું જોઈએ. જેનાથી લોહી વહેતુ બંધ થઈ શકે છે.

આવા ઘા ઉપર હળદળ, માટી કે બીજા કોઈ લેપ ના લગાવતા. આ પ્રકારની મોટી ઈજામાં તુરંત હોસ્પિટલમાં જવું હિતાવહ છે. કારણ કે આ પ્રકારની ઈજામાં ટાંકા લેવાની જરુર પડી શકે છે. અથવા સર્જરીની જરૂર પડી શકે છે.

ઉત્તારાયણમાં પતંગ ચડાવતા કે પતંગ પકડવા જતાં ધાબા પરથી અથવા, છાપરા પરથી પડી જવું, વાહન ચલાવતા દોરી ઘસાઈ જવી અને કાપા પાડવા તથા એક્સિડન્ટ થવો તથા પતંગ ચડાવતા કે ધાબામાં દોડતા હાથ, પગ કે ગાળામાં દોરી આવી જવાથી કાપા પડી જવાથી ઈજાઓ થતી હોય છે.

ધાબા કે છાપરા પરથી ઊંચાઈએથી પડી જતાં ગંભીર તથા જીવલેણ ઈજાઓ થતી હોય છે. આવી ઊંચી જગ્યાએથી પડી જતાં માથામાં ઈજા થઈ શકે છે. અને બ્રેઈન હેમરેજ થવાની શક્યતાઓ રહે છે. ઊંચાઈ પરથી પડી જતાં કરોડરજ્જુમાં ઈજા થવાની શક્યતા રહે છે. જેનાથી માણસને પેરાલિસિસ થઈ શકે છે. અને ઘણીવાર આવી માથા તથા કરોડરજ્જુની ઈજાથી માણસનું મૃત્યુ પણ થઈ શકે છે. આવી ઘટનાઓમાં માણસને હાડકાના ફેક્ચર પણ થવાની શક્યતા રહે છે. જો કોઈ આવી અણગમ્ય ઘટના બને તો તેવા દર્દીને તુરંત સીધા સુવાડીને ગરદનના ભાગને સહારો આપીને અને ગરદન હલે નહિ તે રીતે તુરંત હોસ્પિટલમાં લઈ જવા જોઈએ. ઘણી વખત આવી ઈજાઓ બહારથી દેખાતી નથી હોતી અને દર્દીને અયોગ્ય રીતે ખસેડવામાં આવે તો પણ આ પ્રકારની ઈજાઓ વધી જાય છે.

આવી ઈજાઓમાં દર્દીને એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલ લઈ જવા જોઈએ અને ડૉક્ટર પાસે યોગ્ય તપાસ કરાવવી જોઈએ જેથી દર્દીને યોગ્ય સમયે તાત્કાલિક પણે યોગ્ય અને પૂરતી સારવાર મળી શકે. આવા દર્દીને બિનજરૂરી હલનચલન કરાવવું નહિ. જો દર્દીને પડવાથી ફેક્ચર થયું હોય છે અથવા બહારથી કોઈ અંગનો આકાર બદલાયેલો જણાતો હોય તો તે ફેક્ચર પાર્ટ અથવા અંગને કોઈ સોલિડ વસ્તુથી બહારથી સહારો આપી લઘુત્તામ હલનચલન સાથે હોસ્પિટલ ખસેડવા જોઈએ વાગેલા ભાગમાંથી લોહી વહેતુ હોય તો તેને સ્વચ્છ કપડાથી દબાવી રાખવું જોઈએ આમ કરવાથી દર્દીને વધુ નુકશાન કે ઈજા થવાથી અટકાવી શકાય છે અને તેને મદદરૂપ થઈ શકાય છે.

આ પ્રકારના અકસ્માત અને ઈજાને અટકાવવા આપણે ખુલ્લા - દીવાલ વગરના ધાબા તથા છાપરા પરથી પતંગ ના ચગાવવા જોઈએ. ધાબામાં પ્રવેશદ્વાર પર યોગ્ય દરવાજા અથવા જાળી રાખવી જોઈએ. નાના બાળકોને ધાબા પર લઈ જવાનું ટાળવું હિતાવહ છે. અને જો બાળકોને ધાબા પર લઈ ગયા હોય તો તેમને એકલા ના મુકવા. આ પ્રમાણે તકેદારી રાખવાથી આપણે અકસ્માત તથા ઈજાને અટકાવી શકીએ છીએ. પતંગની સામે આપણી જીંદગી ઘણી અમૂલ્ય છે.

ઉત્તરાયણમાં રોડ ઉપર ટુ વહીલર પર જતાં પતંગની દોરી વચ્ચે આવતા ગળા ઉપર, મુખ ઉપર, આંખ ઉપર, કાન ઉપર, તથા બીજા અંગો ઉપર મોટી ઈજાઓ થવાની સંભાવના રહેતી હોય છે. આવી કોઈ ઈજા થતા માણસ ટુ વહીલર પરથી પડી જાય અને બીજી ઈજાઓ થાય અથવા કોઈ બીજા સાથે એક્સિડન્ટ થવાની સંભાવના રહેલ હોય છે. ટુ વહીલર પર વધુ સ્પીડમાં જતાં હોય તો આવી ઈજાઓ ગંભીરરૂપમાં થતી હોય છે અને આ ઈજાઓથી બચવા માટે હેલ્મેટ પહેરવી આવશ્યક હોય છે. તથા ઊંચા કોલરના કપડાં કે ગળામાં સ્કાર્ફ કે મફલર પહેરવાથી પણ આ પ્રકારના અકસ્માત ટાળી શકાય છે. ઉત્તારાયણમાં ઓવરબ્રિજ ઉપરથી જવાનું ટાળવું પણ હિતાવહ રહે છે. તથા ટુ વહીલર પર આગળ લગાવવા માટે માર્કેટમાં મળતાં ધાતુના સ્પેશિયલ સળિયા પણ આ ઈજાઓથી બચવા માટે લાભદાયક રહે છે.

આમ ઉત્તારાયણમાં સાદા અને સરળ સાવચેતીના પગલાં લેવાથી તથા ઈજા કે અકસ્માત થયા બાદ પરિસ્થિતિની ગંભીરતા વિષે સજાગતા રાખવાથી સલામત રહી શકીએ છીએ.

પતંગ - દોરીની સાથે આપણે આપણી તથા આપણા સ્વજનોની અમૂલ્ય જીંદગીની કાળજી રાખવી જરૂરી છે. અને તે સાથે આપણે તહેવારને ખુબ સારી રીતે માણી શકીએ છીએ.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિવેકાનંદજીના તૈલચિત્ર સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી ભાવ વંદના કરી

# ગુજરાત વિધાનસભા ખાતે સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ નિમિતે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો

### ત્યાગ, જ્ઞાન, સમર્પણ અને સેવાના પર્યાય એટલે પ્રખર દેશભક્ત સ્વામી વિવેકાનંદ : ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી નિમાબહેન આચાર્ય



ગુજરાત વિધાનસભા પોડિયમ ખાતે સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ નિમિતે તેમના તૈલચિત્ર સમક્ષ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી નિમાબહેન આચાર્યએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આર્ષ દ્રષ્ટા યુગપુરુષ સ્વામી વિવેકાનંદના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવ વંદના કરી હતી.

વિધાનસભાના અધ્યક્ષ શ્રી નિમાબહેન આચાર્યએ પુષ્પાંજલિ અર્પણ કરતા કહ્યું કે,ત્યાગ, જ્ઞાન, સમર્પણ અને સેવાના પર્યાય સમા દેશભક્ત સ્વામી વિવેકાનંદે ભારતના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને વૈશ્વિક સ્તરે પહોંચાડવામાં અતુલ્ય યોગદાન આપ્યું છે. ભારતના સપૂત સ્વામી વિવેકાનંદે તા.૧૧મી સપ્ટેમ્બર ૧૮૯૩ના રોજ શિકાગોની ધર્મપરિષદમાં ઐતિહાસિક વ્યાખ્યાન આપ્યું અને સમગ્ર વિશ્વના વીરનાયક સંન્યાસી બન્યા.

અધ્યક્ષ શ્રી નિમાબહેને ઉમેર્યું કે,ડિસેમ્બર ૧૮૮૬માં તેમણે રામકૃષ્ણ મઠની સ્થાપના કરી. 'શિવજ્ઞાને જીવસેવા'ના આદર્શને સામે રાખીને 'આત્મનો મોક્ષાર્થ જગત્ હિતાય ચ'ના મુદ્રાલેખ સાથે લોકકલ્યાણ માટે તેમણે તા. ૧લી મે ૧૮૯૭ના રોજ રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી હતી. સ્વામી વિવેકાનંદ કહેતા કે, ''પ્રત્યેક આત્મા અપ્રગટરૂપે પરમાત્મા છે. ત્યાગ, સેવા અને સમર્પણ એ ભારતના આદર્શો છે. ભારતીયોમાં આ આદર્શો દ્રઢીભૂત કરશો તો બાકીનું બીજું બધું આપોઆપ થઈ રહેશે.'' સ્વામી વિવેકાનંદ યુવાનોને આહ્વાન કરતાં કે, યુવાનો જાગો, ઊઠો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો. તેમનું આ ધ્યેય મંત્ર આજે પણ યુવાનોને સતત પ્રેરણા આપે છે.

રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ,મહેસુલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, વન-પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણા, આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ, ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી શ્રી નિમિષા સુથાર, સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશ મેરજા, મહિલા અને બાળ કલ્યાણ રાજ્ય મંત્રી શ્રી મનીષાબહેન વકીલ, વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર,પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કિર્તીસિંહ વાઘેલા, કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, પશુપાલન રાજ્ય મંત્રી શ્રી દેવાભાઈ માલમ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેશભાઈ મકવાણા ઉપરાંત પૂર્વ મંત્રીશ્રીઓ,ધારાસભ્યશ્રીઓ,તેમજ વિધાનસભા સચિવાલયના અધિકારી-કર્મચારીશ્રીઓએ પણ ઉપસ્થિત રહી સ્વામી વિવેકાનંદને ભાવાંજલિ આપી હતી.

ધવલ શાહ/ભરત ગાંગાણી

# ઉતરાયણના પર્વને અનુલક્ષીને અમદાવાદ શહેર પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડ્યુ

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકૂમત હેઠળ આ સમગ્ર વિસ્તાર માટે ઉતરાયણના પર્વની અનુલક્ષીને જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આગામી ૧૪/૧/૨૦૨૨ ના રોજ અમદાવાદ શહેરમાં મકરસંક્રાંતિ (ઉત્તરાયણ) પર્વની ઉજવણી થનાર છે ઉત્તરાયણ પર્વ નિમિત્તે ઘણા લોકો પતંગ ઉડાડવા માટે માંઝા અથવા દોરી, નાયલોન અથવા અન્ય સિન્થેટિક મટીરીયલ અથવા પદાર્થથી કોટેડકરેલ હોય અને નોન બાયોડિગ્રેડેબલ હોય તેવા ચાઈનીઝ દોરાનો ઉપયોગ કરતા હોય છે. જેના ઉપયોગ ઉપર નામદાર ગુજરાત હાઈકોર્ટે તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. આ ચાઈનીઝ માંજા (દોરા) ને કારણે લોકોને શારીરિક ઈજાઓ થવાના અને કેટલાક સંજોગોમાં ઈજાગ્રસ્ત વ્યક્તિનું મોત નીપજવા સુધીના ગંભીર બનાવો બનતા હોય છે. ઉપરાંત ચાઈનીઝ માંઝા દોરી પશુ-પક્ષી તથા પર્યાવરણ માટે પણ જોખમી છે ઉપરાંત કેટલાક લોકો દ્વારા આ પર્વ નિમિત્તે સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ઉડાડવામાં આવે છે. જે સળગતા હોય ત્યારે ગમે ત્યાં પડવાને કારણે આગજનીના બનાવ બનવાની તથા જાનમાલને નુકસાન થવાની શક્યતાઓ રહેલી છે.

આ પર્વ દરમિયાન કેટલાક લોકો બેફિકરાઈથી અને ભયજનક રીતે પતંગ ઉડાડતા હોય છે. તહેવારની ઉજવણી દરમિયાન પતંગ ચગાવવા /પતંગ કાપવા/ પતંગ લૂંટવા/ લાઉડ સ્પીકર વગાડવા જેવી બાબતોથી લોકો વચ્ચે તકરાર ઘર્ષણના બનાવો બને છે. તો આવી તકરારો અલગ-અલગ જૂથના લોકો વચ્ચે બનવા પામે તો તેવા સંજોગોમાં જૂથ અથડામણના બનાવો બનવાની શક્યતાઓ રહે છે જેથી જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની શક્યતાઓ રહેલી છે.

હાલમાં કોરોનાવાયરસની મહામારી ચાલી રહેલ હોય covid 19 ના સંક્રમણને અટકાવવા માટે ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી કોવિડ ગાઇડલાઈનનું ઉત્તરાયણના તહેવાર દરમિયાન સંપૂર્ણ પાલન થાય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના આદેશનું પાલન થાય તે જરૂરી છે.

જે માટે નીચે મુજબ કૃત્યોમાટે પ્રતિબંધિત જારી કરવામાં આવ્યો છે.

આમ જનતાની લાગણી દુભાઈ તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા નહી, લાગણી દુભાય તે રીતે લાઉડ સ્પીકર વગાડવા નહીં, નાયલોન/પાકા સિન્થેટિક મટીરીયલ, કાચ પાયેલા તથા અન્ય હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરી તૈયાર કરેલ તથા નોન-બાયોડિગ્રેડેબલ હોય તેવા ચાઈનીઝ માંઝા, ચાઈનીઝ તુક્કલના ઉત્પાદન, આયાત, ખરીદ, વેચાણ , સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર/ ચાઈનીઝના દોરાના ઉપયોગ કરી પતંગ ઉડાડવા નહીં. ચાઈનીઝ તુક્કલ ઉડાડવા નહીં. કોઈપણ વ્યક્તિએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ ,રસ્તા/ફુટપાથ તેમજ ભયજનક મકાન, ધાબા પર પતંગ ઉડાડવા નહી તેમજ કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ,વાંસના બંબૂઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવી શેરીઓ/ ગલીઓ/ જાહેર રસ્તાઓ ઉપર દોડાદોડી કરવી નહીં. તથા કોઇપણ વ્યક્તિઓ દ્વારા જાહેર રસ્તા ઉપર પશુઓને ઘાસચારો નાખી ટ્રાફિકને અડચણરૂપ થવું નહી. સરકારશ્રીની કોવિડ ગાઇડલાઇનનો ભંગ થાય રીતે પતંગ ઉડાડવા નહી આ હુકમનો ભંગ કરનાર તથા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમ અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવે જણાવ્યું છે.

## લણવા તેમજ ચાણસ્મા ખાતે ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ કરતા ધારાસભ્ય શ્રી દિલીપસિંહ ઠાકોર



અત્યારે કોરોના ની ત્રીજી લહેર ચાલી રહી છે ત્યારે કોરોના ના કેસો કૂદકે ને ભૂસકે વધી રહ્યા છે જે અનુસંધાને આજરોજ સમગ્ર ગુજરાત રાજયમાં ઓક્સિજન પ્લાન્ટ નાખવામાં આવે છે ત્યારે ચાણસ્મા વિધાનસભાના પૂર્વ મંત્રી તેમજ ધારાસભ્ય એવા દિલીપ ઠાકોર દ્વારા આજરોજ પોતાના મતવિસ્તારમાં લણવા પી એચ સી તેમજ ચાણસ્મા રેફરલ હોસ્પિટલ ખાતે ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ચાણસ્મા વિધાનસભાના ધારાસભ્યશ્રી દિલીપજી ઠાકોર, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી દશરથજી ઠાકોર, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી શ્રીમતી ભાનુમતીબેન મકવાણા, તાલુકા ભાજપ પ્રમુખ ઉપેન્દ્રભાઈભાઈ પટેલ, જિલ્લા પંચાયતના અધ્યક્ષ શ્રી દીપમાલા બેન પટેલ, ભાવિનભાઈ પટેલ, બક્ષીપંચ મોરચાના વિનય સિંહ ઝાલા, ચાણસ્મા તાલુકા પંચાયતના અધ્યક્ષ બાબુભાઈ પટેલ, તાલુકા વિકાસ અધિકારીશ્રી યોગેશભાઈ ભાવસાર, ચાણસ્મા મામલતદાર શ્રી નીતિનભાઈ પાલ , મહામંત્રી કિરણભાઈ જાની, મુકેશભાઈ ડાઢી, નરેશભાઈ પરમાર સહિતના કાર્યકરો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો

રિપોર્ટની નિખિલ જોષી પાટણ

## બનાસકાંઠામાં ૧૦૮ની ટીમે ૩૮,૮૨૪ માનવ જીંદગી બચાવી સરાહનીય કામગીરી કરી માનવતાનું ઉહાહરણ પુરૂ પાડયું

બનાસકાંઠા પાલનપુર તા ૧૨

બનાસકાંઠા જીલ્લામાં પ્રસુતિ, અકસ્માત, હૃદયરોગ, કુદરતી હોનારત અને કોરોનાના દર્દીઓની સારવાર માટે ૧૦૮ ની ટીમ રાત-દિવસ દોડી રહી છે. જેમણે વર્ષ-૨૦૨૧ માં કુલ ૩૮,૮૨૪ માનવ જીંદગીઓ બચાવી છે. જીલ્લામાં અત્યારે ૨૯ લોકેશન ઉપર આ ટીમ ત્વરીત સારવાર પુરી પાડી રહી છે. પાલનપુર, દાંતા, અમીરગઢ, વડગામ, દાંતીવાડા, ડીસા, થરાદ, વાવ, સૂઈગામ, ભાભર, દિયોદર, લાખણી અને કાંકરેજ તાલુકાના ૨૯ લોકેશન ઉપર ૧૦૮ ની સેવા કાર્યરત છે. જ્યાં ટીમના પાઇલટ અને ઇ.એમ.ટી. રાત-દિવસ જાણે યમરાજાને હંફાવી રહ્યા હોય તેમ ફરજ બજાવી રહ્યા છે.





બનાસકાંઠા, મહેસાણા અને પાટણ જીલ્લાના પ્રોગ્રામ મેનેજર કમલેશ પઢિયાર અને સુપરવાઇઝર નિતન ગોરાદરાએ જણાવ્યું હતું કે, 'બનાસકાંઠા જીલ્લામાં વર્ષ-૨૦૦૮ થી ૧૦૮ સેવા કાર્યરત કરાઇ હતી. જ્યાં વર્ષ-૨૦૨૧ દરમિયાન પ્રસુતિમાં ૧૯,૨૮૨ અકસ્માતમાં ૪,૩૪૬, કાર્ડીયાક ૧,૦૩૫, જ્યારે શ્વાસની તકલીફના કુદરતી હોનારતના ૧,૧૩૭ કેસોમાં કુલ ૩૮,૮૨૪ દર્દીઓને તાત્કાલીક સારવાર આપી માનવ જીંદગીઓ બચાવી છે. ૧૦૮ વાનમાં સર્પદંશ અને કાર્ડીયાક સહીત જીવન રક્ષક દવાઓનો ૨૪ કલાક ઉપલબ્ધ રહે છે.

બનાસકાંઠામાં ૧૦૮ ની સેવાનો લોકો ખૂબ જ ઓછા પ્રમાણમાં ઉપયોગ કરી રહ્યા છે. અન્ય જીલ્લામાં એક દિવસમાં ૫ કેસો મળી રહ્યા છે. જ્યારે બનાસકાંઠામાં ત્રણથી ચારનો રેસીયો છે. જેમાં સામાજીક મોભા સહીતના કારણો સામે આવી રહ્યા છે. જો કે, સરકારની આ નિઃશુલ્ક સેવાનો તમામે લાભ લેવો જોઇએ વધુમાં વધુ લોકો લાભ લે તે માટે જાગૃતિ પણ લાવી રહ્યા છીએ તેવું પ્રોગ્રામ મેનેજર કમલેશ પઢિયારે જણાવ્યું હતું.' ૧૦૮ ના કર્મચારીઓ મુશ્કેલીઓ વેઠીને જીવના જોખમે ફરજ બજાવી રહ્યા છે. જ્યાં પાલનપુરના જગાણા નજીક એક યુવક ટ્રેન નીચે આવી જતાં ગંભીર રીતે ઘવાયો હતો.

જ્યાં જવાનો રસ્તો ન હોવાથી પાલનપુર ૧૦૮ ના પાઇલટ કિરણભાઇ પરમાર અને ઇ.એમ.ટી. ચંદ્રકાન્તભાઇ સોલંકી ઇજાગ્રસ્તને સ્ટ્રેચરમાં ઉપાડી રેલ્વે ટ્રેક ઉપર ૬૦૦ મીટર ચાલી વાનમાં લઇ જઇ ત્વરીત સેવા આપી હતી.

અહેવાલ દીલીપ ગોહીલ ,બનાસકાંઠા

# અમદાવાદ જિલ્લામાં લગ્ન દરમ્યાન ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યક્તિઓ એકત્રિત થઈ શકશે

### કોરોનાની પરિસ્થિતીને ધ્યાને લઈ ૨૨ જાન્યુઆરી ૨૦૨૨ સુધી જિલ્લામાં કેટલાક નિયંત્રણો લાગુ કરાયા

રાજ્યમાં (COVID-19)પરિસ્થિતીને ધ્યાને લેતાં ગુજરત સરકાર દ્વારા વખતો-વખત માર્ગદર્શિકાઓ તેમજ સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. રાજ્યમાં કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતીની સમીક્ષા કરી ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૨૦૨૨ ના હુકમ કેટલાક નિયંત્રણો મુકવામાં આવેલ રાત્રિ કફર્યુ તથા અમલમાં મુકેલ નિયંત્રાણોની અવિધ નીચે મુજબના ફેરફારો સાથે તા.૨૨/૦૧/૨૦૨૨ સુધી લંબાવવાનો રાજ્ય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવેલ છે. સમ્રગ અમદાવાદ જિલ્લામાં નીચે મુજબના નિયંત્રણો તા.૨૨/૦૧/૨૦૨૨ સુધી અમલમાં મુકવા અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીએ હુકમ કરેલ છે,શહેરમાં દરરોજ રાત્રિના ૧૦.૦૦ કલાકથી સવારના ૦૬.૦૦ કલાક સુધી કફર્યુ અમલમાં રહેશે.

(૧) તમામ પ્રકારાના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભોમાં તેમજ ધાર્મિક સ્થળોમાં કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે નિયત S.O.P ને આધિન, ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યક્તિઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦ ટકા (મહત્તમ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યક્તિઓ એકત્રિત થઈ શકાશે.

(૨) આ સમયગાળા દરમ્યાન લગ્ન માટે ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યક્તિઓ પરંતુ, બંધ સ્થળોએ જગ્યાની ક્ષમતાના ૫૦ ટકા (મહત્તમ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યક્તિઓ એકત્રિત થઈ શકશે. લગ્ન માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણીની જોગવાઈ યથાવત રહે છે. અત્રેના તા.૦૭/૦૧/૨૦૨૨ ના હુકમની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની કલમ-૫૧ થી ૬૦ તેમજ ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮, ધી એપેડેમિક ડીસીઝ એક્ટ-૧૮૯૭, ધી ગુજરાત એપેડેમિક ડીસીઝ કોવીડ-૧૯ રેગ્યુલેશન-૨૦૨૦ ની જોગવાઈઓ હેઠળ શિક્ષાને પાત્ર થશે. એમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રી સંજય શ્રીવાસ્તવની એક અખબારી યાદીમાં જણાવાયું છે.,

# ચણાની ખરીદી અને તેના ભાવમાં વધારો કરવા માણાવદર તાલુકા કોંગ્રેસની સરકારમાં રજૂઆત

માત્ર ગુજરાત જ નહીં આખા ભારતની ખેતી ધીમે ધીમે ભાંગવા લાગી છે ખેતી ખર્ચાઓએ ખેડૂતની કરોડરજ્જુ તોડી નાખી છે.બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ તથા ખેતી સંબંધિત અન્ય ઉપયોગી ચીજોના ભાવ આસમાને પહોંચ્યા છે.આવક કરતાં જાવક વધી છે પરિણામે ખેતી કોઈને પોષાતી નથી પાકપેદાશોના પુરા ભાવ મળતા ન હોવાથી તેની અસર વાવેતર પર પડી રહી છે.





ખેતીને બચાવવા તથા ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે ખેડૂતોના માલની સરકાર સો ટકા ખરીદી કરે તે માટે માણાવદર તાલુકા કોંગ્રેસે સરકારમાં રજૂઆતો કર્યા પછી.

આજરોજ માણાવદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ જીગ્નેશભાઈ છૈયા, જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ અરવિંદભાઈ લાડાણી, માણાવદર શહેર કોંગ્રેસ પ્રમુખ વિજયભાઇ ઝાટકીયા, જૂનાગઢ જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ દિલીપભાઈ જસાણી એ માણાવદર મામલતદાર ને સંબોધીને રાજયના કૃષિમંત્રી ને એક આવેદનપત્ર પાઠવીને જણાવ્યું છે કે ગુજરાતમાં પડેલ વધુ વરસાદથી કપાસ, મગફળી, સોયાબીન વગેરેનો પાક નિષ્ફળ જતા ખેડૂતોએ શિયાળુ પાક તરીકે ચણાનું પુષ્કળ વાવેતર કરેલ છે. હાલ સરકાર દ્વારા ચણા ની ખરીદી કરેલ તેમાં ખરીદીનો જથ્થો તથા ભાવ પણ ઓછા હોય માટે હવે ખરીદીમાં સરકાર એક હેક્ટરે ૧૦૦ મણ ચણા ની ખરીદી કરે અને નાના-મોટા તમામ ખેડૂતો પાસેથી કોઈ જાતના વાંધા-વચકા કાઢયા વિના અને ચણાનો ભાવ એક મણના ૧૫૦૦થી વધારે નક્કી કરે તેવી માંગણી માણાવદર તાલુકા કોંગ્રેસે રાજયના કૃષિ મંત્રી સમક્ષ કરી છે

તસવીર અહેવાલ - જીગ્નેશ પટેલ માણાવદર





નહેરુ યુવા કેન્દ્ર ભુજ દ્વારા અંજાર બ્લોક માં સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ નિમિત્તે વિવિધ કાર્યક્રમનું આયોજન યૂથ સયોજક રચના બેન વર્માના અને એકાઉંટ શ્રી નરેન્દ્રભાઈ ગુસાઈ ના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં અંજાર નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ શ્રી અનિલભાઈ આર .પંડ્યા ના અધ્યક્ષ સ્થાને સ્વામી વિવેકાનંદજીની પ્રતિમા સમક્ષ હારા રોપણ ,માસ્ક વિતરણ અને સ્વચ્છ મિશ ન માં કાપડ ની થેલી ઓ નું વિતરણ કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં અંજાર નગર સેવાસદનના સનિષ્ઠ કાઉન્સિલર અને પાણી પુરવઠા ચેરમેન ડાયા લાલ મઢવી તેમજ ગાર્ડન અને લાઈટ સમિતિના ચેરમેન શ્રી નીલેશભાઈ ગુસાઇ અંજાર શહેર ભાજપના પૂર્વ પ્રમુખ શ્રી સંજયભાઈ દાવડા તેમજ અંજાર સુધરાઈ ના નગર સેવક કલ્પનાબેન ગોર , અમરીશભાઈ કંદોઈ અને મહિલા પૂર્વનગરસેવક જયશ્રીબેન મહેતા તથા અને ખાસ ઉપસ્થિત રહ્યા હતા .અનિલભાઈ આર.પંડ્યા એ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું .અને સ્વામી વિવેકાનંદની જીવનમાંથી પ્રેરણા લેવા રાષ્ટ્રીય યુવા એવોડી વિજય એમ.રાવલ એ અનુરોધ કર્યો હતો. આ કાયકમમાં માસ્ક તેમજ પ્લાસ્ટિક મુક્ત ભારત બનાવવા કપડાં ની થેલી નું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન અંજાર બ્લોકના એન એસ વી શિવમ વિજયભાઈ રાવલ કર્યું હતું તેવુ અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.



ચાણસ્મા તાલુકા કોંગ્રેસ સંગઠન દ્વારા કોરોના માં મરણ પામેલા લોકોને સહાય ની ચુકવણી કરવા માટે રાજ્ય સભાના પૂર્વ સાંસદ રાજુભાઈ પરમાર અને પ્રદેશ કોંગ્રેસના અગ્રણી દિનેશજી ઠાકોર ની અધ્યક્ષતા માં કોર્ણાક આ દરમિયાન મૃત્યુ પામેલા લોકોને સરકારે પ્રથમ ચાર લાખ સહાય જાહેર કરી હતી પરંતુ પાછળથી ૫૦ હજારની સહાય ચુકવણી કરવા માટે નિર્ણય કરવામાં આવતા કોરોના કા દરમિયાન કોરોના થી મૃત્યુ પામેલા લોકોને ૪ લાખની સહાય ચુકવણી કરવામાં તેવી માંગ સાથે બુધવારે ચાન્સ મામલતદાર કચેરી ખાતે આવી મામલતદાર વતી નાયબ મામલતદાર રેખાબેન ચૌધરી પોતાની લેખિત આવેદનપત્ર ૌી લાગણી સાથે માગણી કરતું આવેદનપત્ર કાર્યકરોને સાથે રાખીને આપવામાં આવ્યું હતું ચાણસ્મા જિલ્લા કોંગ્રેસ ના અગ્રણી રાજુ લ પટેલ પ્રભારી ગજેન્દ્રસિંહ ચાણસ્મા તાલુકા કોંગ્રેસ અગ્રણી મનુભાઇ દેસાઇ સરતાન સિંહ ઝાલા વરુણ ભાઈ વ્યાસ નારણભાઈ રાવળ સહિત ચાણસ્મા તાલુકા કોંગ્રેસના અગ્રણીઓ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા રીપોર્ટર નિખિલ જોશી પાટણ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.